॥ श्रीगोकुलेशजयन्ती सप्ताह ॥

તથા શ્રી. બા. શુ. મહાસભાનું

પંચદશ વાર્ષિક મહાસંમેલન.

તા. ૨૩-૧૧-૪૧, રવિવાર.

"ભક્ત કવિ-સમ્રાટ્-શ્રીદયારામભાઈ દિન."

વ્યાખ્યાતા :—

પરમ ભગવદીય કવિવર —

—શ્રી દયારામભાઈના પટ્ટ શિષ્ય પ્રપૌત્ર,

જોશી જીવ[redacted] છગનલાલ, એડવોકેટ,

ડભોઈ.

સંવત ૧૯૯૮ ના માર્ગશીર્ષ સુદિ ૫.

સુરત. તા. ૨૩, નવેમ્બર, ૧૯૪૧.

॥ શ્રીકૃષ્ણ ॥

"કવિ-સમ્રાટ દયારામભાઈ"

... આપણા સૌને શબ્દબ્રહ્મના ... ... જે જેમ ગુર્જર-ગરબી-સાહિત્યના સાહિત્યાચાર્ય, ગુજરાતની-ગુજરાતી-રસસાગર જેની રસીલી રસ કુંજના રસરસીઆ, જગત્-સાહિત્યના રસીલા રસમેઘ, ગરબી-સાહિત્યાકાશના રસિક રસચંદ્ર શ્રી દયારામભાઈને ઓળખાવવા પ્રયત્ન આદરૂં તો તે અસ્થાને નહિં જ ગણાય !

રસજ્ઞો !, એક દિવસ ચાણોદની યાત્રાએ આવ્યા હોઈએ, શ્રી રેવાજીના સોહામણા કિનારે ફરતા હોઈએ, શ્રી નર્મદાજીનું-પરમ પુનીત સુંદર સલીલ વહી રહ્યું હોય, પવનની આછી આછી મંદ મંદ ફરફરો વાતી હોય, ઝરમર ઝરમર મેહુલો વરસતો હોય, પનઈમાં બેઠા હોઈએ, પાણીની છોળો ઉછળતી હોય, વીંઝણે વાયુ વાતો હોય, ધીમે ધીમે લહેરાતી લહેરાતી પનઈ પાણીમાં વહેતી હોય, આકાશમાં ચંદ્ર આછો પ્રકાશ આપતો ઓપતો હોય, તારલાઓ ઝબુકી રહ્યા હોય, કુદરતની અગાધ સુંદરતાને એકીટશે ટગર ટગર નિહાળી અવિરત-પાન કરી રહ્યા હોઈએ, કિનારાની આસપાસ પથરાઈ રહેલું કુદરતનું અખંડ સૌંદર્ય નીરખતા હોઈએ, સંગતની મધુરી રમઝટ જામી હોય, એ રમઝટમાં મસ્ત બન્યા હોઈએ, ગરબાઘેલી ગુણિયલ ગુજરાતણે મધુર કંઠે, મીઠી હલકથી એકાદ મનોહર ગરબી છેડી હોય, રસની-જમાવટ થઈ હોય, એ મધુરી જમાવટમાં મસ્ત બન્યા હોઈએ-ત્યાં આઘેથી એક નાનીશી ટેકરીએથી મંજુલ મુરલી છૂટી હોય, દૂરદૂર એ મનોહર મુરલીનાદ સંભળાતો હોય, ચારે બાજુએ એનું સોહામણું ગુંજન ગુંજી રહ્યું હોય, એ રસઝરતા મુરલીનાદમાં, એ મનોહર મુરલીના ગુંજનમાં મસ્ત બન્યા હોઈએ, અહા !, તે અનુપમ દિવસને, તે અલભ્ય પળને, તે અલભ્ય ઘટિકાને નથી ભૂલી શકાતું !

(શ્રી નર્મદાજીના સોહામણા કિનારેથી એ સાહિત્ય-જગતની રસભરી રસ કુંજના રસિક રસરસીઆ શ્રી દયારામભાઈએ રસઝરતી રસવાંસલડી ફૂંકી ને એ રસભરી રસબંસીનું રસભર્યું રસ-ગુંજન જગત્-સાહિત્યની કુંજે કુંજે, ક્યારાએ ક્યારાએ, વૃક્ષે વૃક્ષે, પત્રે પત્રે, પુષ્પે પુષ્પે, ડાળીએ ડાળીએ અખંડ ગુંજી રહ્યું. એ રસભર્યા રસગુંજનથી રસરસીઆં નરનારીઓ મુગ્ધ બન્યાં, એની રસ ભરી-સજાવટમાં મસ્ત બન્યાં, એની અખંડ જમાવટથી આકર્ષાઈ ગાંડાઘેલાં થઈ ગયાં. હજુએ રસરસીઆં નરનારીઓ એ રસગુંજનની રસીલી સજાવટથી મુગ્ધ બને છે, એ સજાવટની મનોહર જમાવટથી-આકર્ષાઈ ગાંડાઘેલાં થઈ જાય છે.

પરમપુનીત શ્રી યમુનાજીના મનોહર કિનારેથી ગોકુલના કામણગારા કનૈયાએ, એ શ્રી વૃંદાવનની વિલાસતી કુંજે કુંજે વિહાર કરતા શ્રી વૃંદાવન વિહારીએ રસઝરતી રસવાંસલડી વગાડી ને એ રસવાંસલડીનો આબેહૂબ પડઘો પડ્યો શ્રી રેવાજીના સુંદર તટે. એ પડેલા પડઘાને ભાવભર્યાભાવથી, હૃદયના ઊછળતા ઉમળકાથી, અંતરે ઊભરતી ઊર્મિઓથી, હૈયે ઊમટતા ઉમંગથી હોંશભેર ઝીલ્યો એ ગુર્જર-સાહિત્યની-ગુજરાતી રસકુંજના રસરસીઆએ, એ ગુજરાતની ગરવી ગોપીએ-દયાઈ દયારામભાઈએ એ ગુંજતી મુરલીના મનોહર ગુંજનમાં શ્રી દયારામભાઈ મસ્ત બન્યા.

એ રસબસતી રસવાંસલડીનું ઘરાતા સુધી પાન કર્યા જ કર્યું. એ
અખંડ પાનના, એ સચોટ રસપાચનના એ રસીલા રસમેઘે આ
રસબસતા સાહિત્યમાં, ગુર્જરાતની-ગુજરાતી રસસાહિત્યની 'જશી

એ સોહામણી બંસીના મનોહર સૂરને એ ગુજરી
વ્હાલભર્યા વ્હાલથી, પરમ પ્રેમે મગ્ન બની, પુલકિત તનુએ
અખંડ પાન કર્યું, પાન કરી સચોટ પચાવ્યો. એ રસબસતા રસ પાનનાં રસ ઝરતાં રસ છાંટણાં છંટાયાં ત્યાં સુધી અખંડ છાંટયાં કર્યાં. છાંટતાં જરાએ હૃદયે સંકોચ આવ્યો નહિં. એ મધુરા રસ પાનમાં સદા મગ્ન બન્યા. એ રસ પાનનાં-રસ ઝરતાં રસ ઝરણાંઓનું ઝરમર ઝરમર ઝરતું એકેએક રસ ઝરણું એટલે એ ગુજરાતની પરમ પુનિત પ્રેમ પચેલી ગોપીના હૃદયની અસીમ વેદનાની એકેએક ગરબી. એ ગુર્જર-સાહિત્યની રસ કુંજના રસ રસીઆની એકેએક ગરબી એટલે એમણા ભાવભર્યા પરમ પુનિત ગોપી-જીવનનો અમુલો સંદેશ

શ્યામ સુંદરની ગુંજતી મુરલીનો આબેહૂબ પડઘો નર્મદા કિનારે પડયો હતો. ગુજરાતના રસીલા રસમેઘ શ્રી દયારામભાઈએ એ પડેલા-પડઘાને બરાબર ઝીલી ગુંજનમાં સરસ સજાવટ કરી હતી. એ સજાવટની મનોહર રમઝટ ચાણોદ-ડભોઈની શેરીએ શેરીએ જામતી હતી. ગરબે ઘૂમતી ગુણિયલ ગુજરાતણો એ સજાવટની મનોહર રમઝટમાં મગ્ન બની ઘડીભર દિવ્ય વાતાવરણ ખડું કરી દેતી હતી એ રસભરી સજાવટના રસ બસતી રમઝટ એકલી ચાંદોદ-ડભોઈની શેરીઓમાં ન્હોતી ગુંજી રહી પણ એનું રસ ભર્યું ગુંજન ચાણોદ-ડભોઈનો સિમાડો ઓળંગી સારાયે ગુજરાતમાં ગુંજી રહ્યું હતું કોડીલી ગુજરાતણોએ એ ગુંજનને હોંશભેર હૃદયની ઊલટથી વધાવી, અંતરે ઊભરતી-ઊર્મિઓથી, હૈયે ઊમડતા ઊમંગથી, ઊમળકાભેર હૃદયમાં પધરાવી મધુર કંઠે લાલ કર્યું હતું. એ રસ ગુંજનનું, એ ગરવી ગરબીઓનું આકર્ષણ અજબ હતું, અનોખું હતું, અખંડ હતું.

સાહિત્ય. સંગીત ને સ્થાપત્ય કલાના કલામય નમુનાનું મિલન-સ્થાન-ત્રિવેણી સંગમ તેજ આપણા પનોતા પરમપુનિત ભક્તવર્ય દયારામભાઈની દર્ભાવતી. ડભોઈમાં (મોસાળમાં) એમનો જન્મ. સંવત્ ૧૮૩૩ ના ભાદરવા સુદી એકાદશી ઊપરાંત વામનદ્વાદશીને દિવસે એ સૈકાઓ જુની દર્ભાવતીએ એક અજોડ-રસિક પુત્ર રત્નને સાહિત્ય-જગતને ખોળે અર્પણ કર્યો હતો. એ રસિક પુત્ર રત્નની રસ બસતી રસિકતા ચાણોદ-ડભોઈ-વડોદરાની આસપાસ વિંટળાઈને ન્હોતી ગોંધાઈ રહી; એકલા ગુજરાતમાં ન્હોતી પ્રસરી રહી-પણ સારાયે હિંદમાં-સારાયે સાહિત્ય-જગતમાં એની રસીલી ફોરમ ફોરી રહી હતી. હજુએ એ મ્હેકન્તા કેવડાની અમંદ આનંદ આપતી અપરિમિત પરાગે પમરતી પરાગ ઓસરતી નથી. હજુએ એ સુવાસ ઘેલા ભોગી ભમરાઓ એ અનુપમ પરાગની આસ પાસ ગુંજે છે, કેટલાક ઘડીભર સુવાસ લે છે, કેટલાક હૃદયને પૂછી કરે છે, કેટલાક એ મનમોહક ફોરમ ફેલાવનારનું હૃદય ઓળખવા પ્રયત્ન આદરે છે પ્રયત્ન આદરી તેને જારી રાખી ઓળખે છે, ઓળખ્યા પછી રસ સાગરને રસ હિંચોળે હિંચે છે, ને એ રસભર્યાં રસમાં ને રસમાં જીવનભર મગ્ન બની રસભર્યું જીવન જીવે છે.

વામનદ્વાદશીના દિવસે જન્મ થવામાં અધિકતા હતી. જેવી રીતે બલિ રાજાએ વામનજીને સર્વ સમર્પણ કરી આત્માનું-નિવેદન કર્યું હતું; તેવી રીતે એ મહા ગુજરાતના ભજનીક ભક્તવર્યે અજોડ કવિત્વ શક્તિને એ યમુના તટના બંસી ધરના, એ ગોકુલના-કામણગારા કાનુડાના એ શ્રી વૃંદાવનની વિલાસવતી કુંજે કુંજે વિહાર કરતા શ્રી વૃંદાવન વિહારીના, એ કદંબ છાંયેથી ગુંજતી મુરલી છેડતા, રસ રાસેશ્વર-સ્વરૂપના અખંડ ગુણગાનમાં અર્પણ કરી, એ શ્યામ સુંદરના સોહામણા રસસ્વરૂપમાં મસ્ત બની, ગોપી ભાવે ભીષ્મ જીવન ગાળી, એ રાધેશ્યામની રસબસતી રસખેલડીના દર્શન માટે મિલન માટે-રાતદિવસ ઝૂરી ભાવભર્યા ગોપી-જીવનની સાચી સફળતા માની હતી. દયારામભાઇ એટલે પરમપુનિત પ્રેમે પચેલી ગુજરાતની ગરવી ગોપી.

દર્ભાવતી દયારામભાઇથી-એ ગુજરાતના કોડીલા બંસીધરથી; હીરા કડીઆથી-એ સ્થાપત્યકલાના અજોડ કલાકારથી ગુજરાતભરમાં મશહૂર છે. દયારામભાઇએ અર્પ્યું રસબસતું સાહિત્ય ને દર્દભર્યું સંગીત: હીરા કડીઆએ અર્પ્યો સ્થાપત્ય-કલાનો અનુપમ નમુનો. એ જુગજુની દર્ભાવતીએ ઘણાંએ અમૂલ્ય રત્નો ગુજરાતને ખોળે અર્પણ કર્યાં હશે; પણ હાલમાં જો એનું નામ મહા-ગુજરાતમાં મશહૂર હોય તો તે સાહિત્ય વાટિકાના સુચતુર રસમાળી શ્રીદયારામભાઇ અને સ્થાપત્ય કલાના અજોડ જ્યોતિર્ધર હીરા કડીઆ આભારી છે. બન્ને જણ કલાના અજોડ કલાધર હતા બન્નેએ જીવનભર કલાને વિકસાવી હતી એ કલાને માટે મરી ફીટનાર હતા. એ મહામોંઘેરી કલાને અપનાવવામાં બન્નેએ પોતાનો પ્રાણ રેડી દીધો હતો. કલા એમણી હતી એઓ કલાના બન્યા હતા. કલામાં ઓતપ્રોત થયા હતા કલામાં એકતાન થયા હતા. કલામાં એકતાર થયા હતા કલામાં લીન થયા હતા. કલામાં મગ્ન બન્યા હતા. એમણી કલા જનતામાં એકે અવાજે વખણાઇ હતી આમ જનતાએ એમણી કલાને વધાવી લીધી હતી.

એ મહા ગુજરાતના સાચા સાહિત્યકારે-એક આદર્શ સંગીતકારે સાહિત્યને સંગીતમાં અદ્વિતીય વિશારદતા મેળવી સારાયે ગુજરાતને ગાંડું ઘેલું કરી મૂકી આકર્ષી લીધું હતું કહો કે ગુજરાતનાં રસરસીઆં નરનારીઓ એમના સંગીતની મીઠી હલક પર મુગ્ધ થઇ, એમણા રસભર્યા સાહિત્ય પર એમણી ભાવભરી વાણી પર-એમણી દર્દભરી-ભાવભરી-રસભરી ગરબીઓ પર વારી જઇ એ ગુજરાતના કોડીલા બંસીધરનાં ઓવારણાં લેતાં હતા. હજુએ રસરસીઆં-નરનારીઓ એમણા રસબસતા અક્ષરદેહ તરફ સહસા આકર્ષાઇ હોંસભેર વાંચે છે ને રસરાસિયેણ ગુજરાતણો તો એ ગરવી રસભરી ગરબીઓને હૈયાના હારના મણકા બનાવવાની હોંસ રાખે છે. સ્થાપત્ય કલાના અજોડ કલાકાર હીરા કડીઆની અનુપમ કલાને અવલોકવા માટે હજુએ કલા-પ્રેમીઓ આવે છે, ધરાતા સુધી કલાને નીરખે છે ને નીરખતાં નીરખતાં એ કલામાં એકતાન થઇ-એકતાર થઇ ઓતપ્રોત થઇ મગ્ન બની જે જોઇએ છે તે નિરાંતે લેઇ જાય છે.

શ્રીદયારામભાઇના પિતાશ્રીનું નામ પ્રભુરામ હતું. માતુશ્રીનું નામ મહાલક્ષ્મી ઉર્ફે રાજકોર હતું. એઓશ્રીની અટક ભટ્ટ હતી. એઓશ્રી સાઠોદરા નાગર હતા. માબાપે બાલપણમાં વસમી વિદાય લીધી હતી. એ વસમી વિદાય આપતી વખતે બાલ દયારામભાઇનું હૃદય કકળી ઉઠયું હતું, રડી પડયું હતું, ધ્રુસકે ધ્રુસકે રોઇ રહ્યું હતું. માબાપ વિહોણા બાલ દયારામભાઇનું બાલપણ કઠણ કાળજાને હચમચાવી નાખે તેવી, પાષાણી-હૃદયને પીગળાવી નાખે તેવી આપત્તિઓથી અંકિત થયું

પસાર થયુ હતુ. માબાપ માટે ટટળતા બાલ દયારામભાઈએ ધીમધીમતા અંતરે, ધડકતા હૃદયે, ધબક ધબક ધબકતા હૈયે, ભેંકાટ રુદન, કારમી ચીસ પાડી, છેલ્લી પ્રાણુ પોક મૂકી એમણ્ણાં દેહને અગ્નિ સંસ્કાર કરી હુઠવો મૂક્યો. તે વખતે કોનું હૃદય પીગળ્યું નહિ હોય! તે વખતે કોનું અંતઃકરણુ રડી ઉઠ્યું ન હોય! તે વખતે કોણે દીર્ઘ નિ:શ્વાસ નાખ્યા નહિ હોય! તે વખતે કોના શરીરે કંપારી વછૂટી નહિ હોય!

બાલ દયારામભાઈને નર્મદાજીનો સોહામણો કિનારો-નીરસ લાગ્યો, રેવાજીનું સુંદર સલિલ નીરસ લાગ્યું. કુદરતનું મનોહર સૌંદર્ય નીરસ લાગ્યું. ચાણોદની આસપાસ પથરાઈ રહેલી અનુપમ શોભા કાંટાની માફક સાલવા લાગી. બાલ દયારામભાઈને ચાણોદમાં રહેવું ગમ્યું નહિ. માબાપના મરણુ પછી એમણે વધારે વખત ડભોઈ રહેવાનું મોસાળમાં રહેવાનું) વધારે પસંદ કર્યું. ડભોઈમાં એમની માસીને ત્યાં રહેતા હતા. ચાણોદ-ડભોઈ આવજા કરતા હતા જેમ તેમ કરી બાલપણુના રમતીઆળ દિવસોને પસાર કરતા હતા

દયારામભાઈમાં બાલપણુથી જ ભગવદ્ ભક્તિનાં અંકુરો ફૂટેલા હતા. નાનપણુથી જ ઇશ્વરભક્તિનાં-પ્રભુલીલાનાં ધોળ-પદો બનાવી ગાતા હતા. મધુર કંઠે લલકારી શ્રોતાઓને અનેરો આનંદ આપતા હતા આનંદ આપી રસ સાગરને રસ હિંચોળે હિંચાવતા હતા. કહો કે એમનું હૃદય નાનપણુથીજ ભક્તિભર્યું હતું, પ્રેમભર્યું હતું. દર્દભર્યું હતું, રસભર્યું હતું. નર્યો પ્રેમ એમણ્ણા હૃદયમાં, એમણ્ણા અણુએ અણુમાં. એમણ્ણા નસે નસમાં, એમણ્ણા રોમેરોમમાં પાંગરી રહ્યો હતો. એમણું મન પહેલેથીજ ભક્તિ તરફ ઢળ્યું હતું. એ ભાવભરી ભક્તિનું એ ભજનીય ભક્તવર્યને અતૂટ લઢણુ લાગ્યું હતું. એ ગળે પડે તેવી, એ ન છૂટે તેવી ભક્તિરસની લગનીમાં ને લગનીમાં પ્રભુ લીલાનાં, શ્રીગોપશાચીજીનાં ધોળ-પદોની રસભરી-ભાવભરી રચના કરી હતી. એ ભાવભર્યાં, ભક્તિભર્યાં, રસભર્યાં, વ્હાલભર્યાં, દર્દભર્યાં ધોળ-પદો 'તેન તળાવ' આગળ સાંભળીને મહાન્ ભક્તવર્ય "શ્રી. ઇચ્છારામ ભટ્ટજી" શ્રી. દયારામભાઈ પર પ્રસન્ન થયા હતા. પ્રસન્ન થઈ વ્હાલભર્યા વ્હાલથી, પુલકિત તનુએ, અંતરે ઉભરતા ઊમળકાથી, હૈયે ઊભરાતી ઊર્મિઓથી, હોંશભેર આશીર્વાદ આપ્યો હતો. આશીર્વાદ આપી શ્રી વૃંદાવને જવાની-હિંદનું પર્યટણુ કરવાની આજ્ઞા આપી હતી.

"થાશ જીતેંદ્રિય શીઘ્રતું, પકવ થશે તવ કામ;
શ્રી વલ્લભના નામથી, વદ શ્રી ઇચ્છારામ." (૧).

શ્રી ઇચ્છારામ ભટ્ટજી સિદ્ધ પુરૂષ હતા. ભજનીય ભક્તવર્ય હતા. શ્રીમદાચાર્યચરણુના 'અણુ-ભાષ્ય' પર એઓશ્રીએ 'પ્રદીપ' નામની ટીકા લખી છે એઓશ્રી વધારે વખત ડાકોર રહેતા હતા. શ્રી ઇચ્છારામ ભટ્ટજીના રસબસતા સમાગમથી શ્રી દયારામભાઈનો હૃદય-પલટો થાય છે. એમણ્ણા દિવ્ય-જીવનની શરૂઆતના કારણુરૂપ શ્રી ઇચ્છારામ ભટ્ટજી હતા. એમણ્ણા ભક્તિપૂર્ણ, ભાવભર્યા ગોપી-હૃદયનું એમને ત્યાંથીજ સચોટ ભાન થાય છે. શ્રી ઇચ્છારામ ભટ્ટજીનો રસબસતો સમાગમ એ એમણ્ણા ભક્તિમય જીવનના કારણુરૂપ છે. એમણું ભાવભર્યું ગોપી-જીવન ત્યાંથીજ શરૂ થાય છે. શ્રી ઇચ્છારામ ભટ્ટજીના રસભર્યા સમાગમથી શ્રી દયારામભાઈએ શ્રી વૃંદાવને જઈ રાધે-શ્યામની રસબસતી રસખેલડીને ધરાતા સુધી નિહાળી, એ રસસ્વરૂપનાં રસદર્શનનું રસપાન કરી

ત્યાંથીજ એમણે શ્યામસુંદર શ્રીકૃષ્ણચંદ્રની અનન્ય ભાવભરી ભક્તિ કરી, સહર્ષે, પુલકિત તનુએ હોંશભેર રસસાગરને રસહિંચોળે હિંચી, પ્રેમપયોધિ પાતળીઆમાં મનમાછલડાને તરતું મૂકી ગોપીભાવે 'ભીષ્મ-જીવન' જીવવાનું 'પન' લીધું હતું. માટેજ એઓશ્રીએ લગ્ન કરવાની સાફ ના પાડી હતી. કારણ?

કારણ એજ કે એ ગુજરાતની ગરવી ગોપીનું લગ્ન ક્યારનુંએ એ ગોકુલના કામણગારા કનૈયા સાથે, એ શ્રી યમુનાજીના સોહામણા આરેથી રસભસતી રસવાંસલડી છેડતા શ્રી વૃંદાવનવિહારી સાથે, રાસવિહારી સાથે થઇ ગયું હતું. એ પરમ પુનીત પ્રેમે પચેલી ગોપી સાંવરીઆને વરી હતી. એ કદંબ છાંયેથી વેણુનાદ કરતા ત્રિભંગ લલિત કોટિ મન્મથ મન્મથ શ્રી મદનમોહનજી સાથે રાસવિહારી રાસરાસેશ્વર સાથે ભાવભર્યા ભાવથી જીવનભર અખંડ રમી હતી, રાસવિહારીના રસભર્યા રાસરમણમાં ગોપીભાવે મગ્ન બની ભીષ્મ જીવન ગાળ્યું હતું.

(૫૬)

"આ સાંવરીઆ સાથે મ્હારો નેહ લાગ્યોરે;
આ પાતળીઆ સાથે મ્હારો નેહ લાગ્યોરે.
આ સાંવરીઆ......(૧)

સાંભરી આવી મુને, પ્રીત પૂરવની;
તે અનુભવ આજ જાગ્યોરે. (૨)
આ સાંવરીઆ સાથે......(૨)

મનનો માન્યો અંતરનો ઇચ્છિયો;
વર મળીઓ છે મુખ માગ્યોરે.
આ સાંવરીઆ સાથે......(૩)

દયારા પ્રીતમજીની, નિત્ય સંગે રમતાં;
ભવનો તે ભય સહુ ભાગ્યોરે.
આ સાંવરીઆ સાથે..... (૪)

(૫૬)

"વરીએ તો સામળીઓ વરીએ, વરીએ તો પાતળીઓ વરીએ,
વરીએ તો છબીલો વરીએ. ચતુર વર ..(ટેક)

×

સંસારીનું સગપણ કાચું, પરણીને રંડાવું પાછું,
એને ઘેર શીદ પાણી ભરીએરે?...ચતુર વર.

×

સંસાર તો સર્વે ખોટો, પાણી માંહેનો પરપોટો,
ફૂટી જાશે ન્હાનો મ્હોટારે…ચતુર વર.

×

જ્હેને પરણે દુઃખ જાય, અખંડ 'એહવાતન' થાય,
તેની સાથે પ્રીત કરીએરે…ચતુર વર.

×

દયા પ્રીતમ કેરો વ્હાલો, નાગર નંદાજીનો લાલો,
તેનો સાહ્યો કરી મ્હાલો રે…ચતુર વર.

મહાન્ ભક્તવર્ય શ્રી ઇચ્છારામ ભટ્ટજીનો રસભસતો સમાગમ જો શ્રી દયારામભાઈને "તેન તળાવ" આગળ ન સાંપડ્યો હોત તો? તો એ પરમ પ્રેમરસની અખંડ ઝડીઓ ન વરસી શકત, એ ભાવભર્યાં ભક્તિરસની હેલી ન મચી રહેત, એ અમંદ આનંદ આપતા આનંદરસનાં ઝરમર ઝરમર ઝરતાં ઝરણાં ન ઝરી શકત, જુદા જુદા ભાવોના તરંદતરેહના અનુભવોનો અનુપમ વારસો ન મળત, ગુજરાતની ગરવી ગોપી ન મળત, ભાવભર્યું ગોપી-હૃદય ન મળત, ગરવી ગરબીઓ ન મળત, સાહિત્ય-જગત્ એક ગરબી-સાહિત્ય-વિહોણું જગત્ રહત. એમનું ગરબી-સાહિત્ય વિનાનું ગુજરાતી સાહિત્ય એટલે રસરંગમેળુ-ગરબે ઘૂમતી-ગુણિયલ ગુજરાતણોને માટે શૂન્ય-સાહિત્ય!!!

શુદ્ધાદ્વૈત સંપ્રદાયનું રસસિંચન, પુષ્ટિમાર્ગની અનોખી ઝીણવટ, કૃપામાર્ગનું ગૂઢ રહસ્ય, શુદ્ધાદ્વૈત સંપ્રદાયનો ભાવભર્યો ભાવ, ભાવાત્મક સ્વરૂપની સાચી સમજ, શ્રીમદ્ વલ્લભાધીશના રસભસતા રસસ્વરૂપની સચોટ ઓળખાણ, એમના અતિ ગૂઢ રસસ્વરૂપનું સાચું પિછાન, અલૌકિક વિરહનું દાન, પ્રમાણ ને પ્રમેયના સ્વરૂપની સાચી ઓળખાણ-આ બધું સાંગોપાંગ જાણીને આબેહૂબ અનુભવી શક્યા હોય તો તે અમદાવાદવાળા "શ્રી છોટાજી" મહારાજની સંપૂર્ણ કૃપાબળથીજ. શ્રી છોટાજી મહારાજ એમના સમયના પ્રખર વિદ્વાન્, પ્રતિભાશાળી, મર્મજ્ઞ, રસજ્ઞ ગોસ્વામિ હતા. એમણી સંપૂર્ણ કૃપાબળથી જે અલૌકિક રસ શ્રી દયારામભાઈએ પીધો, પચવ્યો ને જેરવ્યો તેજ રસને તેને તેજ સ્વરૂપમાં એ ગુજરાતના ભજનીય ભક્તવર્યે કવનમાં અખંડ ગાયો

દયારામભાઈ એક અઠંગ મુસાફર હતા એમણી સારીએ યુવાવસ્થા હિંદની મુસાફરીમાં પસાર થઈ હતી. એમણી મુસાફરી ન્હોતી રેલ્વેની, મોટરની, એરોપ્લેનની પણ હતી સાદી ને સુઘડ શરીરને નિરોગી રાખનારી પગ રસ્તાની એ પગરસ્તે થતી મુસાફરીમાં એમણે ઘણીએ વખત કુદરતના સૌંદર્યનું એકીટશે પાન કર્યું હશે! એ કુદરતના સૌંદર્યનું પાન કરતાં કરતાં જ્યારે એમણે કાશ્મીરની અનુપમ સુંદરતાને નિહાળી હશે, એ સૌંદર્યઘેલી સુંદરીઓને-અવલોકી હશે. એ હિમાલયનાં સંકેદ બિછાયત બિછાવી રહેલા-ઊંચાં ઊંચાં-આકાશ સાથે વાતો કરતાં શિખરોને નિહાળ્યાં હશે ત્યારે એમણું કવિ-હૃદય કેવું નાચી ઊઠ્યું હશે! એમણું ગોપી-હૃદય કેવું ખીલી રહ્યું હશે!

હિંદનું ત્રણ વખત પગે ચાલી ખભે ઝોળીઓ નાખી પર્યટન કરી, હિંદના એકેએક ખૂણેખૂણે ફરી ત્યાંની ભાષાઓ જાણી ત્યાંના અનુભવો મેળવી, અચૂક કવનમાં ઊતારી એ મોતી વર્ષંતા-એ રસઝરંતા રસગેબ સાહિત્ય-જગત્માં અમુલાં મોતી વરસી ગયા છે. એ ગુજરાતની ગરવી ગોપી હજારો ઠેકાણેનું પાણી પી, ફૂલી, ફાળી, ફોરી ને પ્રસરાવી પરાગ સારાયે જગત્-સાહિત્યમાં ભાવભર્યાભાવની, સ્નેહાળ-અંતઃકરણની, દયાર્દ્ર-હૃદયની, દર્દભર્યા દીલની એ ભાવભર્યાભાવનાં, એ સ્નેહાળ અંતઃકરણનાં, એ દયાર્દ્ર-હૃદયનાં, એ દર્દભર્યા દીલનાં ઝરમર ઝરમર ઝરંતા ઝરણાંએ અનોખાં ને અટૂલાં ઝરે છે.

કેટલાક સાહિત્યકારોએ, સંશોધકોએ, વિવેચકોએ એ ગુજરાતના ભજનીય રસિક ભક્ત-કવિવર શ્રી દયારામભાઈના જીવન વિષે ગમે તેવા માણસના કહેવા પર ધોરણ બાંધીને-ધડો બાંધીને એ ગુજરાતના કેડીલા બંસીધરને હડહડતો અન્યાય થાય તેવું લખાણ લખી નાખ્યું છે. એ લખાણના અત્યાર સુધીમાં થોડે ઘણે અંશે રદીઆ અપાઈ ગયા છે તેથી એ વિષયને અત્યારે છેડવા માગતો નથી. દયારામ-પ્રેમીઓને, દયારામ-ભક્તોને દયારામ-પ્રશંસકોને દયારામ-પૂજકોને, દયારામ-વિવેચકોને, દયારામ-અભ્યાસકોને દરેકને નમ્રપણે મારે એજ વિનવવાનું છે કે આપ ફક્ત એક તરફી લખાણ વાંચી એ ગુજરાતની પરમ પ્રેમે પચેલી ગરવી ગોપીના દિવ્ય જીવનને ઝાંખપ પમાડે તેવી અટકળ બાંધવા આપના મનને જરાપણ પ્રેરણા આપવા કમર ન કસશો. એમના જીવન વિષેની વિચારણા, એમના જીવન વિષેની અટકળો એમના અખૂટ અક્ષર દેહ પરથી થવી જોઈએ. હું એ જ પસંદ કરું છું. ને તે દરેકે દરેકને માટે. એકલા શ્રી દયારામભાઈને માટે નહિં જ, હું તો છાતી ઠોકીને બેધડક કહી શકીશ એ ભજનીય ભક્તવર્યના જે જીવનમાં હતું તે જ કવનમાં હતું. જે રહેણીમાં હતું તે કહેણીમાં હતું. જે આચારમાં હતું તે જ વિચારમાં હતું. એમના કાવ્યના એકાદ અંગ પરથી એમના જીવન વિષે અટકળ ન જ બાંધી શકાય! એમણી એકેએક કૃતિઓ વાંચો ને વાંચ્યા પછી આપનો આત્મા અટકળ બાંધી જે મત આપે તે નિરાંતે આપો. જરા વિચાર કરો! મનને કાબુમાં રાખો. જે શ્રી દયારામભાઈ શ્રી ઇચ્છારામ ભટ્ટજીના રસબસતા સમાગમથી પંદર વરસની ઉંમરે હિંદના પર્યટણે નીકળી પડ્યા, જેમણે તેજ વખતે લગ્ન કરવાની સાફ ના પાડી, જેમણે શ્યામ સુંદરના અખંડ ગુણગાન ગાયા, ગોકુલના કામણગારા કનૈયાના રસબસતા રસસ્વરૂપમાં ભાવભર્યા ભાવથી હોંશભેર મગ્ન બની ગોપી ભાવે જેમણે બીષ્મ-જીવન ગાળ્યું, તેવા ભજનીય ભક્તવર્યને માટે ગમે તેવા માણસના કહેવા પરથી ગમે તેવું લખાણ લખી નાખવું એ શિષ્ટ પુરૂષોને શોભા આપનારૂં તો ન જ કહેવાય!

દયારામભાઈ ગુણી હતા સ્હામાના ગુણની કદર બરોબર કરતા હતા. એ ગુણ પરીક્ષાનો અનુકરણીય સદ્ગુણ એમણી પ્રતિભામાં વધારો કરતો હતો. બજ વૈયાના બાવાના ગુણની કદર કરી સાવ સોનાનો અછોડો પહેરાવનાર બક્ષીસ આપનાર આપણા પનોનાં પરમપુનીત ગુણ-પરીક્ષક શ્રીદયારામભાઈ હતા. બજવૈયાના ગુણની કપરી પરીક્ષા વડોદરાના હરિભક્તિને ત્યાં થઈ હતી. બાવાજી ઠેઠ સુધી પરીક્ષામાં પસાર થયા હતા. પણ "આજ વહેલી અલબેલી પ્યારી ગાંધ" એ સોરઠ રાગમાં ગવાએલા અટપટા પદે, એ નાચ, તાન, ગાન ને માનની અનુપમ ગૂંથણીવાળા પદે બાવાજીનાં લત્તાં લેઈ નાખ્યા, એમણાં હાંજા ગગડાવી નાખ્યાં, એમણા હાથને હેઠા પાડી દીધા. બાવાજીના હાથ રહી ગયા, એમણા છક્કા છૂટી ગયા. એમણા હાથ બંધ પડી

ગયા, ખાત્રીજી પરીક્ષામાં નાપાસ થયા. શિરસ્તાદજી ભોંઠા પડી ગયા. ઓભીલા બની ગયા. દયારામભાઈને પગે પડયા. પણ ગુણ-પરીક્ષક શ્રીદયારામભાઈએ એ હતાશ થએલા, એ શરમીંદા પડેલા શિરસ્તાદજીને ભેટી શાબાશી આપી ને ઈનામ આપ્યું. એ ઈનામ મોઢા મોઢાની વાતોનું ન્હોતું પણ સાવ સોનાના અછોડાનું હતું. ગુણીજનની કદર ગુણીજન હોય તેજ કરી શકે! દયારામભાઈમાં 'Party spirit' ન્હોતો પણ એક સાચા ગુણજ્ઞને શોભે તેવો 'Sports-man-spirit' હતો.

શ્રીરાધાકૃષ્ણની રસબસતી રસખેલડીના ગુણગાન વગર એ ગુજરાતના ભજનીય ભક્તવર્યે કશુંએ ગાયું ન્હોતું. એમના ગોપી-હૃદયે એ વિના કશું ઊભર્યુંએ ન્હોતું. હંમેશાં રસસાગરને રસહિંચોળે હિંચતા હતા, હિંચી ભક્તિરસનાં ભાવભર્યાં રસ છાંટણાં છાંટતા હતા, છાંટી અમંદ આનંદ આપતા આનંદરસની વરસતી ઝડીઓમાં વહેતા હતા, વદી પરમ પ્રેમ પયોધિ પાતળીઆમાં મનમાછલડાને તરતું મૂકી રાધેશ્યામની રસબસતી રસખેલડીનાં સોહામણા સ્વરૂપનાં દર્શનની મિલનની તીવ્ર ઊત્કંઠા રાખતા હતા.

એ ગુજરાતની ગરવી ગોપીને શ્યામસુંદરના સ્વામીત્વનું અનુપમ ગુમાન હતું. એ ગુમાનમાં ને ગુમાનમાં એમણે રાધેશ્યામનાં અખંડ ગુણ ગાયા હતા. એ ગુણનિધિ ગિરિવરધારીના ગુણગાનની મસ્તીમાં ને મસ્તીમાં કોઈના ગુણ ગાયા ન્હોતા, ગુણ ગવડાવનારને છડેચોક ના પાડી દીધી હતી. એ ગુજરાતની રસકુંજના રસીલા રસરસીઆએ વૃંદાવન-વિહારીના અખંડ ગુણ ગાઈ ભાવભર્યા ભાવથી ભક્તિરસમાં મગ્ન બની, નર્યા પ્રેમરસમાં પચેલા રહી, આનંદરસના ફુવારા ઊડાવી, રસમંદિરને રસહિંચોળે હિચી, રસરાસેશ્વર-રાસવિહારીના રસસ્વરૂપનાં અખંડ દર્શન કરી, અંતરે ઊભરતી અવિરત ઊર્મિઓથી, હૈયડે ઊમટતા અખંડ ઊમંગથી-હોંશભેર એ સોહામણા રસસ્વરૂપ સાથે ગોપીભાવે જીવનભર રમી 'ભીષ્મ-જીવન' ગાળ્યું હતું.

શુદ્ધાદ્વૈત-સંપ્રદાય શ્રી દયારામભાઈનો હૃદય રાજવી હતો. શુદ્ધાદ્વૈત-સંપ્રદાય દયારામ-ભાઈથી મગરૂર છે એ શુદ્ધાદ્વૈત-સંપ્રદાયનો કોડીલો કોહીનૂર પુષ્ટિ સંપ્રદાયમાં ફૂલ્યો, ફાલ્યો, ફોર્યો ને એ મ્હેકન્તા કેવડાની પરાગ પ્રસરી સારાયે ગુજરાતમાં, હિંદમાં, વૈષ્ણવ-સમાજમાં, સાહિત્ય-જગતમાં.

દયારામભાઈ એટલે શુદ્ધાદ્વૈત સંપ્રદાયના ફૂટ તત્વોને, ગૂઢ રહસ્યોને સાદી, સરળ ને સરસ ભાષામાં સચોટ ઊતારનાર ગુજરાતના-હિંદના રસસિદ્ધ કવિ-સમ્રાટ્, દયારામભાઈ એટલે શુદ્ધાદ્વૈત સંપ્રદાયનું અમૂલ્ય રત્ન, શુદ્ધાદ્વૈત સંપ્રદાયનો અમૂલ્ય હીરો.

દયારામભાઈ એટલે પુષ્ટિમાર્ગના સ્પર્શમણિ. એ વેગવન્તા, એ બલવન્તા પારસમણિનો જેને જેને સ્પર્શ થયો છે તેનો આત્મા સાવ સોના જેવો થયોજ છે એ નિઃશંક છે. દયારામભાઈ એટલે પુષ્ટિ સંપ્રદાયનું મહામોંઘેરૂ રત્ન. દયારામભાઈ એટલે શુદ્ધાદ્વૈત સંપ્રદાયની રસભરી કુંજેકુંજે રસરાસેશ્વર રાસવિહારી સાથે હોંશભેર અખંડ રમનાર, શ્રી વૃંદાવનની વિલાસવતી કુંજેકુંજે અખંડ વિહાર કરનાર, શ્રી વૃંદાવનવિહારીના રસબસતા રસસ્વરૂપમાં મગ્ન થનાર, શ્રી યમુનાજીના સોહામણા આરેથી મનોહર મુરલી છેડતા સ્વરૂપના મિલનમાં રાચનાર. એ રસસ્વરૂપના દર્શન માટેનો, મિલન માટેનો, રમણ માટેનો એ ગરવી ગોપીનો દર્દભર્યો તલસાટ પાષાણી હૈયાંઓને પીગળાવી નાખે તેવો છે, કઠણ કાળજાવાળાઓને ધ્રુસકે ધ્રુસકે રડાવે તેવો છે

દયારામભાઈ ટેકી હતા. એમણે ટેક શિરસાટાનો હતો. એ ટેકને છડેચોક છાતી ઠોકીને જનતાને બતાવ્યો હતો. એ પ્રાણસમા ટેકની ખાતર એ ભજનીય ભક્તવર્યે ભલભલા વડોદરાના ગોપાળરાવ મ્હેરાળ જેવા કરોડાધિપતિઓની માગણીઓને હિસાબમાં ગણી ન્હોતી. ગણપતિજીના આરૂઢ ઊપાસક ગોપાળરાવ મ્હેરાળનું આવેલું તેડું પાછું મોકલનાર આપણા પનોતા પરમ શુનિત શ્રી દયારામભાઈ હતા. તેડવા આવનારને પાછો મોકલ્યો. ગણપતિજીના ગુણ ગાવાની સાફ ના પાડી 'એક વર્યો ગોપીજન વલ્લભ નહિં સ્વામી બીજો" એ પદ લખીને મોકલી આપ્યું.

દયારામભાઈને શ્રી રાધાવરનો અખંડ આશરો હતો. એ નંદકુમારનો દઢાશ્રય થયા પછી, એ કામણગારા કાનુડાની ભાવભરી ભકિત કર્યા પછી, એ રાધેશ્યામની રસબસતી રસખેલડીના પરમ પુનિત પ્રેમે પચેલા રહ્યા પછી, એ નિશ્ચેના મહેલમાં વસતા વ્રજલાડીલાનાં દર્શન થયા પછી એ કદંબ છાંયેથી રસબસતી રસવાંસલડી છેડતા ત્રિભંગ લલિત રસસ્વરૂપનાં દર્શન થયા પછી એ રાસવિહારીનું રસબસતું રસસ્વરૂપ હૃદયમાં અખંડ રમ્યા કરે તો તેમાં શું આશ્ચર્ય! પછી તેને શી વાતની કમી રહે! પછી તે પ્રાણસમા ટેકની ખાતર મરી ફીટે તો તેમાં શી નવાઈ!

ગુજરાતની શેરીએ શેરીએ, ગુજરાતીઓના આંગણે આંગણે રસની છોળો ઊછાળનાર, ગુજરાતણોના વદને વદને રમનાર, ગુજરાતની રસકુંજના રસિક રસચંદ્ર શ્રી દયારામભાઈ પ્રાણસમા ટેકની ખાતર ઓખણુ ને ચટ કહી દેતા. એક મગની બે ફાડ કરી આપતા, રોકડું મલબારી પરખાવતા એમણો ટેક જ્વલંત છે, અનુકરણીય છે, આદરણીય છે. એમણો શિરસાટાનો ટેક જયાંસુધી જ્વલંત છે ત્યાંસુધી એ રસીલો રસરાજવી માનનીય છે, પૂજનીય છે, ભજનીય છે.

એ નર્મદાતીરના કોડીલા બંસીધરને પૈસાની જરાપણ લાલસા ન્હોતી એમને જો પૈસાની પડી હોત તો સારી પેઠે રળી શકયા હોત. પણ એ નાશવંત પદાર્થને શું કરે! એમને તો પડ્યો હતો રસપ્રચુર–રસરાસેશ્વર–રસસ્વરૂપમાં-તેમના દર્શનમાં તેમના મિલનમાં જયાં એમને રસસ્વરૂપમાં ખરેખરો રસ પડ્યો હોય ત્યાં આ દુનીઆના–આ જગતના–નીરસ-રસાભાસ પદાર્થોનો તો શો હિસાબ!!!

દયારામભાઈ જ્ઞાની હતા. એમણે એમના અગાધ જ્ઞાનનું જરાપણ અભિમાન ન્હોતું. ઊલટું એ વિશાળ જ્ઞાનના અખૂટ ભંડારને લીધે એમને દીનતા વરી હતી. એ દીનતાને એમણે હોંશભેર અપનાવી હતી. એ દીનમણિ દીનતાના અખંડ ભકત બન્યા હતા. એમણે એમના હૃદયને વધારે દયાર્દ્ર બનાવ્યું હતું.

દયારામભાઈ રસસિદ્ધ કવિ હતા. ભજનીય ભક્તવર્ય હતા, દીનમણિ દીનતાના અખંડ ભક્ત હતા, પરમ પુનીત પ્રેમે પચેલી ગરવી ગોપી હતા. દયારામભાઈને રસિકતા વરી હતી. એ રસિક રસરસીઆએ એ મનોહર રસિકતાને જનતાને ખોળે ધરી હતી, એ ભાવભરી રસિકતાનું જનતાને સચોટ ભાન કરાવ્યું હતું રસરસીઆં નરનારીઓ એ ગુજરાતની રસકુંજના રસરસીઆની રસભરી રસિકતા પર વારી જતાં હતાં, વારી જાય છે ને વારી જશે.

દયારામભાઈ એમના સમયમાં એક અજોડ કવિ કરતાં ભજનીય ભક્તવર્ય તરિકે વધારે પૂજાતા હતા જ્યાં ત્યાં એમને અનુપમ માન મળતું હતું. છતાં એમને તલભાર પણ, રતિપૂર-પણ અભિમાન ન્હોતું. દરેક સભામાં, દરેક જલસામાં એમનું સ્થાન અજોડ હતું. એમના વગરની સભા, એમના વગરનો જલસો ભાગ્યેજ થાય! એમના વગરની સભા, એમના વગરનો જલસો એટલે શરદ્ પુર્ણિમાના રસચંદ્ર વગરની રાત્રિ! હજારોનાં શિર એમના ચરણમાં ઢળતાં હતાં. એમનો પરમ પુનિત આત્મા દરેકે દરેક ભાવુક આત્માને, એકેએક રસિક આત્માને આકર્ષતો હતો. એ ભાવુક આત્મા, એ રસિક આત્મા એમના દયાર્દ્ર હૃદય તરફ, એમના ભાવભર્યા આત્મા તરફ સહસા ઢળી પડતો હતો. ઢળી પડી એકીટશે નિહાળી વંદન કરતો હતો. એ ભાવભર્યા વંદનમાં ભાવુક આત્માની ભાવુકતા, રસિક-આત્માની રસિકતા કયમે કરી જરાએ છૂપી રહી શકતી ન્હોતી. હજુએ હજારો ભાવુકોનાં, પુજકોનાં, પ્રશંસકોનાં, રસિકોનાં મસ્તકો ભાવભર્યા ભાવથી, વ્હાલભર્યા વહાલથી, અંતરે ઊભરતી ઊર્મિઓથી, હૈયે ઊભરતી ઊલટથી હોંશભેર એ રસીલા-રસમેઘના ચરણમાં સહસા ઢળે છે

હજારો ભાવુકો એ પારસમણિના સોહામણા સમાગમથી વૈષ્ણવો થયા હતા. એમણી શિષ્યમંડળીમાં ઘણા શિષ્યો હતા. પટ્ટ શિષ્ય રણછોડભાઈ હતા રણછોડભાઈ પર શ્રી દયારામભાઇની અસીમ કૃપા હતી. હંમેશાં અમીરસ ઝરંતી આંખલડીએ નિહાળી એ ભજનીય ભકતવર્ય એમણા લાડીલા રણછોડભાઇ પર અખંડ કૃપા વરસાવતા હતા. નિત્ય લીલામાં જવાની તૈયારિ વખતે રણછોડભાઇએ જ્યારે એ ભજનીય ભકતવર્યની 'પાદુકાનું' પુજન કરવા માટે આપવા દીનવદને માગણી કરી ત્યારે પોતે આજ્ઞા કરી કે "**પરમ ભગવદીય-જાણીને તમે મારી સેવા કરી તેથી કાંઇ હું ગુરૂ ન જ કહેવાઉં. હું તો શ્રીમદ્વલ્લભાચાર્યજીના દાસનો દાસ છું ને હંમેશા તેજ રહેવા માગું છું.**" આ પ્રમાણે એઓ શ્રીએ મધુરી વાણીમાં શિખામણ આપી ને શ્રી મદ્વલ્લભાચાર્યજી પ્રત્યેનું, તેમના-દાસ પ્રત્યેનું પોતાનું દાસ પણું છડે ચોક બતાવ્યું, પાદુકા ન આપી તે ન જ આપી. એ ભજનીય ભકતવર્યે એમણા લાડીલા શિષ્યને હસતે મુખડે, હૃદયની ઉલટથી. અંતરે ઉભરતી ઉર્મિઓથી, હોંશભેર આશીર્વાદ આપ્યો, જે આજ્ઞા કરી તે પ્રમાણે વર્તવા કહ્યું. એ લાડીલા શિષ્યે જીવનભર એ ભજનીય ભકતવર્યની આજ્ઞાઓને જરા પણ ઉથાપી નહિં.

દયારામભાઈનું હૃદય ભક્તિરસથી સોહાતું હતું, પરમ પુનીત પ્રેમરસથી મલકાતું હતું, આનંદ રસની વરસતી ઝડીઓથી રેલાતું હતું. એમનું હૃદય ગોપી-હૃદય બની ગયું હતું. એ ગોપી-હૃદયનો ગુંજતો મંજુલ રવ, એ ગુજરાતની ગુણિયલ ગુજરાતણનો, એ ગુજરાતની કોડીલી કોયલનો ટહુકતો ટહુકાર હજારોના હૃદયમાં ટહુકી રહ્યો હતો. એ ગુંજતા મંજુલ રવનું, એ ટહુકતા ટહુકારનું આકર્ષણ અનુપમ હતું.

ભાવભર્યા ભાવથી ભક્તિરસમાં ભીંજી, પરમ પુનીત પ્રેમરસમાં અખંડ મગ્ન બની, અમંદ આનંદ આપતા આનંદરસની વરસતી ઝડીઓમાં વહી, પરમ પુનીત પ્રેમપયોધિ પાતળીઆમાં મનમાછલડાને તરવું મૂકી, "ગોપી - ભાવે" "જીવ - જીવન" જીવી એ રસીલા રસમેઘે હજારોને જીવન જીવી જાણતાં શિખવી એમનાં જીવનને અનેરો ઓપ આપી ઉજમાળ્યાં હતાં.

દયારામભાઇએ એમણું ઘડપણ જો ડભોઇમાં ન ગાળ્યું હોત તો ? તો એ વ્હાલભરી વૈષ્ણુવતાની રહીસહી નિશાની જરાએ દેખ્યામાં ન આવત, એ ભાવભર્યા ભક્તિરસની લ્હેરાતી લ્હેરોનો અનુભવ ન થાત, એ પરમ પુનિત પ્રેમરસના નર્યા ઘુંટડા પી ન શકાત, એ શુદ્ધ પ્રેમરસની નરી પ્રેમભરી મસ્તી જરાએ દીઠી દીસત નહિં, એ અખંડ આનંદ આપતા આનંદરસની ઝડીઓ કદિયે વરસત નહિં ! ! !

દયારામભાઇએ ઘડપણમાં દર્ભાવતીમાં વાસો કરી હજારોને ભક્તિમય જીવન જીવવાનો સાચો બોધ આપ્યો હતો. એ અમુલા બોધને ગ્રહણ કરી ભાવુક આત્માઓ ભક્તિભર્યું જીવન જીવી કૃતાર્થ થયા હતા. દયારામભાઇ આમજનતાના હૃદયરાજવી બન્યા હતા. આમજનતા હંમેશાં એમના તરફ આકર્ષાતી હતી એ ગુજરાતના કોડીલા બંસીધરે આમજનતાની નાડ પારખી, જનસમુદાયની રૂખ સમજી, ગુણિયલ ગુજરાતણોનું હૃદય ઓળખી, માનવ-સમુદાયને રૂચે તેવાં, આમજનતાના કંઠમાં વસે તેવાં, રસરસિણુ-ગુજરાતણોના હૃદયમાં અખંડ રહે તેવાં ધોળ-પદો-ગરબીઓ રચી, રચનામાં અનુપમ રજાવટ કરી રસરસીઆં નરનારીઓનાં હૃદયને થનગન થનગન નચાવ્યાં હતાં, ડોલવ્યાં હતાં, બહેલાવ્યાં હતાં

પરમ પુનિત પ્રેમરસના નર્યા ઘુંટડા પાનાર, ભાવભર્યા ભાવથી ભક્તિરસમાં અખંડ ભીંજાએલા રહેનાર, આનંદરસની અવિરત વરસતી ઝડીઓમાં સદા વહેનાર, રસમંદિરના રસહિંડોળે હંમેશાં હિંચનાર, આર્તનાદનાં, વિનવણીનાં અતિ કરૂણ પદો ગાઇ ભાવભર્યા ભાવથી રસબસતા રસસ્વરૂપનાં સોહામણાં દર્શન કરનાર, ' ગોપી-ભાવે ' ' ભીષ્મ-જીવન ' જીવનાર, ગરવી ગરબીઓના અતુટ મંજુલરવથી રસરસિયેણુ ગુજરાતણોને થનગન થનગન નચાવનાર, દીનભાવે દયાર્દ્ર રહેનાર, સાહિત્યાકાશના રસીલા રસચંદ્ર, સાહિત્યવાટિકાના રસિક રસમાળી ' શ્રી દયારામભાઇએ ' સંવત ૧૯૦૯ ની મહા વદી પાંચમને દિવસે સ્થૂલ-દેહને ડભોઇમાં છોડયો હતો. પરમપુનિત ભાવુક આત્મા ભાવભર્યા ભાવથી, અંતરે ઊભરતી ઊર્મિઓથી, હૈયે ઊભરતા અવિરત પ્રેમથી, હાંશભેર રાધેશ્યામની રસબસતી રસખેલડીનાં દર્શન કરવા, એ સોહામણા રસસ્વરૂપના ગોપી-ભાવે અખંડ સેવા કરવા ચાલ્યો ગયો હતો.

તે વખતનું ડભોઇ એટલે ભજનીય ભક્તવર્ય વિહોણું ડભોઇ, ગુજરાતની ગરવી ગોપી વિનાનું ડભોઇ, ભક્તિ, પ્રેમ ને આનંદરસની વરસતી ઝડીઓ વગરનું ડભોઇ, માથાના શિરતાજ-વિહોણું ડભોઇ, શરીરના પ્રાણ વગરનું ડભોઇ. તે વખતે હજારોના આત્મા રડી રહ્યા હશે ! તે વખતે હજારોની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ સરી પડતાં હશે ! આંસુની એકધારી ધારાઓ વહી રહી હશે ! હજારોએ કલ્પાંત કર્યાં હશે ! હજારો ટળવળ્યા હશે ! પણ તે શા કામનું ! હવે તે કયાં !

દયારામભાઇ એટલે સંસારના સારા નરસા પ્રવાહોના પેખનાર, સામાજીક રૂઢિયોના જાણકાર, મીલનસાર મુસાફર, પરમપુનીત પ્રેમ પેખનાર, ગોપી-ભાવે ભાવભર્યું-ભક્તિભર્યું-ભાવનામય-'ભીષ્મ-જીવન' જીવનાર, દીનમણિ દીનતાએ આર્દ્ર બનનાર, ગોકુલના કામણગારા કાનુડાની, યમુનાતટના બંસીધરની, કદંબછાંયેથી ગુંજતી મુરલી છેડતા ત્રિભંગ લલિત કોટિ મન્મથ રસરાસેશ્વર રાસવિહારીની રસભરસતી રસવાંસલડીનો મંજુલરવ સુણાવનાર, ભાવભર્યા ભાવથી-ભક્તિરસની લ્હેરોમાં અખંડ ભીંજાએલા રહેનાર, આનંદરસની ઝડીઓ વરસાવનાર, માધુર્યરસનું પાન કરાવનાર, ગુર્જર સાહિત્ય-વાટિકાના રસિક રસમાળી.

દયારામભાઈ એટલે રાસઘેલડી-રસઘેલડી-ગરબે ઘૂમતી ગુણિયલ ગુજરાતણોને ગરવી ગરબીઓનું દાન કરનાર, યુવાનોને આત્મીય ધ્યેય બતાવનાર, પોતાનું સચોટ મંતવ્ય છડે ચોક રજુ કરનાર, સાહિત્યકારોને ઊત્તમમાં ઊત્તમ સાહિત્યનો અખૂટ વારસો આપનાર, અરે!, દરેક ચિંતા પારાવારે પીડાએલા આત્માને આત્મોન્નતિનો સરળ, સાદો ને સચોટ રસ્તો બતાવનાર, નિષ્કામિક ધ્યેયની સાવ સાચી સમજણ પાડનાર, લોક-જીગરને જીતનાર, લોક-દર્દને અચૂક પારખનાર, લોક-હૃદયને વલોવી નાખનાર, એમનાં કલેજાંને કોરી નાખનાર, એમનાં અંતરને બહેલાવનાર, રસરસિયેણ ગુજરાતણોને થનગન થનગન નચાવનાર-ગુજરાતના કોડીલા બંસીધર.

દયારામભાઇ એટલે નર્મદાતીરની ગરવી ગોપી. ગુજરાતની ગુણિયલ ગુજરાતણ. રસરસિયેણ ગુજરાતણોનું કોડીલું સંગીત. એ સંગીતનો આલાપ અનેરો છે, એનો ટહુકો મધુર છે, એનો સૂર મીઠો છે, એની હલક દર્દભરી છે, એની રમઝટ મનોરંજન છે, એની જમાવટ અખંડ છે. એ સંગીતના તારનો ઝણઝણાટ હજારોના અંતરને બહેલાવે છે, હજારોના હૃદયને થનગન થનગન નચાવે છે, હજારોના મસ્તકને ડોલાવે છે, હજારોના કાળજડાંને કોરે છે.

દયારામભાઇ રસરસિયેણ ગુજરાતણોના હૃદયે ગુંજ્યા છે, રાસઘેલડી સુંદરીઓના કંઠે હળ્યા છે, ગરબાઘેલી વનિતાઓના વદને વસ્યા છે, ગરબે ઘૂમતી ગુણિયલ ગોરીઓના મધુર મુખડે ટહુકી રહ્યા છે. દયારામભાઈ એટલે રાસઘેલડી ગુજરાતણોના હૃદયરાજવી.

દયારામભાઈ એટલે માનવહૃદયના એકેએક હાવભાવનું અચૂક અવલોકન કરનાર, અવલોકન કરી તેને તેજ સ્વરૂપમાં મૂકનાર, મૂકી તેમાં મગ્ન બનાવનાર, તંબુરાના તારના ઝણઝણાટથી, કોકિલશા ટહુકતા મંજુલરવથી લોક-હૃદયને જીતી લેનાર ગુજરાતના અજોડ, અદ્વિતીય, સાચા ને સર્વોત્તમ સંગીતકાર.

દયારામભાઇ એટલે ગુજરાતની કુંજે કુંજે ગુંજતા, ગુજરાતની શેરીએ શેરીએ ટહુકતા, ગુજરાતીઓના સોહામણા આંગણે આંગણે સોહતા, ગુજરાતીઓના હૃદયે હૃદયે વસતા, ગુણિયલ ગુજરાતણોના પરિમલે પમરતા વદને વદને રમતા, ગરવી ગોરીઓના હૃદયે હૃદયે અખંડ ગુંજતા, ગુર્જર-રમણીઓના હૈયડે હૈયડે બિરાજતા નર્મદાતીરના કોડીલા બંસીધર.

દયારામભાઇ એટલે ગુજરાતની રસકુંજનો રસીલો રસરસીઓ. એ રસિક રસરસીઆએ શ્યામસુંદરની મનોહર-મુરલીના ગુંજનમાં અખંડ મગ્ન બની, એ રસબસતી રમવાંસલડીના રસભર્યા ગુંજનને સચોટ ઝીલી જે રસની રેલમછેલ રેલાવી છે, ગુજરાતની શેરીએ શેરીએ, ગુજરાતીઓના આંગણે આંગણે જે અજબ ધૂમ મચાવી છે-તે ખરેખર!, હૃદય-સ્પર્શી છે, મનોહર છે, હૃદયને સોંસરૂં વીંધી નાખે તેવી છે, હૃદયનાતારને એકતાન કરી એકજ સૂરમાં વગાડી, રસમસ્ત આત્માને હળવે હળવે નચાવે તેવી છે. એ રસભરી મુરલીનું રસગુંજન ગુજરાતની શેરીએ શેરીએ ગુંજી રહ્યું હતું, રસીલી ગુજરાતણોનાં વદને વદને વસી રહ્યું હતું, ગરવી ગોરીઓના કંઠે હળી રહ્યું હતું, રાસઘેલડી સુંદરીઓના રસિકહૃદયે ટહુકી રહ્યું હતું.

દયારામભાઇ એટલે રાધેશ્યામની રસબસતી રસએલડીને રસમંદિરને રસહિંચોળે હિંચનાર, એ મનોહર-રસએલડીના અથાગ વિરહથી થતા અતીવ દર્દમાં હંમેશાં ઝૂરનાર, એ સોહામણી રસએલડીના અખંડ દર્શન માટે રાત-દિવસ તલસી ગોપી-ભાવે ભીષ્મ-જીવન જીવનાર,

એ તલસાટના નાદમાં શ્યામસુંદર ગિરિવરધારીને મીઠાં મીઠાં મ્હેણાં મારનાર, એ મ્હેણાંનાં મધુરાં મ્હેરામણમાં મસ્ત બનનાર ગુજરાતી રસકુંજના રસીલા રસ સીઆ.

દયારામભાઈ સદાએ આનંદરસમાં મગ્ન રહેતા. રાધાકૃષ્ણની રસઝરતી રસખેલડીનાં સારી રીતે ગુણ ગાઇ માધુર્ય રસની અખંડ ઝડીઓ વરસાવતા. રાસવિહારના સોહામણા સ્વરૂપ વિના એમના ગોપી-હૃદયે કોઇ અખંડ વસી રહ્યું નથી. રાધેશ્યામની રસીલી રસખેલડીનાં ગુણગાન વગર એમણે કશુંએ ગાયું નથી. એ વગર એમના ગોપી-હૃદયે કશુ ઊભર્યુંએ નથી.

દયારામભાઇ સદાએ રસસાગરને રસહિંચોળે હિંચતા. રસમંદિરમાં બિરાજતા. એક સાચા રસજ્ઞ તરીકે રસરાજેશ્વર-રાસવિહારીના સોહામણા સ્વરૂપના દર્શનની, વૃંદાવન વિહારીના મિલનની, કદંબ છાંયેથી મુરલી છેડતા ત્રિભંગલલિત રસસ્વરૂપ સાથેના રમણની અંતિમ-અભિલાષા સેવતા. એ જ અભિલાષાના સેવનના પૂરમાં, પૂરે વહેતા ઊમંગમાં, ઉમંગે ઊભરાતા પ્રેમમાં, પ્રેમે ઉભરતા ભક્તિરસમાં, ભક્તિરસે ઊછળતા આનંદરસમાં ફક્ત જોઈ શકાશે એમના રસમગ્ન આત્માને રસકુંજશી ગરબીઓમાં.

દયારામભાઇના રસબસતા સાહિત્યનું ઓળખાણ કરાવવું એ સૂર્યના અખંડ પ્રકાશને બતાવવા જેવું છે. જેમ સૂર્યનાં કિરણો અખંડ અંધકારમાં ઢાંકયા રહેતા નથી ને પોતાનો પ્રકાશ જગતને આપે જાય છે તેમ એ ગુજરાતના કવિહૃદયનું રસભર્યું સાહિત્ય દરેક આત્માને દરેક વખતે કાંઇને કાંઇ આપે જાય છે, સચોટ દાખલાઓ આપી તેની એકેએક શંકાઓ દૂર કરે છે, આત્માને શુદ્ધ સુવર્ણ જેવો બનાવે છે, સાવ સોના જેવો બનાવી ભાવભર્યું ભક્તિભર્યું જીવન જીવતાં શિખવી જીવનને ઊજમાળે છે. એમના દર્દભર્યા સાહિત્યની ઊંડી છાપ, એમણા ભાવભર્યા ભક્તિપૂર્ણ સ્નેહાળ હૃદયની સાવ સાચી સાખ કદીએ ભુંસાઈ જતી રહેવાની નથી, કોઇ કાળે ભૂંસાઇ જવાની નથી, ભલે એના પર આંધી ફરી વળે ! પણ જેમજેમ વખત જતો જશે તેમતેમ સૂર્યના કિરણોની પેઠે અખંડ અંધકારને ભેદી વધારે ને વધારે પ્રકાશ આપતાં જશે એ પ્રકાશથી આત્મા સાવ સોના જેવો થઇ જશે, એનાં અજ્ઞાનનાં પડળો એક પછી એક ફડોફડ ઊઘડી જશે, એની આંધી આપોઆપ જતી રહેશે, એ શુદ્ધ બનેલો આત્મા રસમંદિરને રસહિંચોળે હિંચશે.

એ ગુજરાતના કોડીલા બંસીધરે જેટલું માનવ હૃદયને ઓળખ્યું છે તેનાથીએ વધારે એ ગુજરાતના રસીલા રસરસીઆએ સ્ત્રી-હૃદયને પિછાન્યું છે, એ ભાવભરી પિછાનને કથનમાં ઊતારી છે. એ મનોહર ઓળખાણને જનતાને ખોળે મૂકી છે. એ રસભરી પિછાનમાં મગ્ન બની ગરવી ગુજરાતણો એમણા પર વારી જાય છે. એ ગુજરાતી-એ ગુર્જર સાહિત્યની રસબસતી રસ-કુંજના રસરસીઆનાં ઓવારણાં લે છે.

દયારામભાઇની કવિતા એટલે લોકદર્દની કવિતા, લોકહૃદયની કવિતા, સ્ત્રી-હૃદયની કવિતા એમણાં અદીઠ દર્દની કવિતા, એ અદીઠ દર્દથી થતા હાવભાવની કવિતા, એ હાવભાવથી થતા અથાગ વિરહની કવિતા, એ વિરહથી થતા અકથ્ય દુઃખની કવિતા. એમણી વાણીમાં વિરહ ને તાપકલેશના તણખા ઝરે છે એમણી કવિતાએ હજારોને માનવતાના પાઠો પઢાવ્યા છે, હજારોને માનવતાને પથે પ્રયાણ કરાવ્યું છે, હજારોને જીવન જીવી જાણતાં શિખવ્યું છે, હજારોના જીવનને ઊજમાળ્યાં છે.

દયારામભાઇએ વહેવા દીધું સાહિત્યને સાદી, સરળ, સચોટ ને રસભરી વાણીમાં, સામાજીક, ઐતિહાસિક, રૂઢિબદ્ધ આખ્યાનોમાં, કર્મ–જ્ઞાન–વૈરાગ્યાદિ સ્થાનોમાં, પ્રેથ–ભકિત દીનમયી વાણીમાં, માધુર્ય સ્રવતી રણકુંજથી ગરબીઓમાં. સાહિત્યનું સુંદર સર્જન એજ સાહિત્યકારનું સાક્ષરત્વ. સાહિત્ય વગરનું સંગીત લુખું લાગે છે, સંગીત વગરનું સાહિત્ય સુનું દીસે છે. સાહિત્ય સંગીતનું એકીકરણ એટલે ત્યાંથી આનંદરસની ઝડીઓનું વરસવું.

દયારામભાઇને ભાષાશુદ્ધિ માટે ઘણું માન હતું. એમણું ગુજરાતી–સાહિત્ય એટલે ગુજરાતી ભાષાનો સર્વોત્તમ નમુનો. એમણું ભાષાજ્ઞાન વિશાળ હતું. એમણે એકંદરે અગીઆર ભાષામાં સાહિત્યનું રસભર્યું સર્જન કર્યું હતું. " ગિરિધર મુંજ્યો પ્રાણુ, તુંહી સાંવલડા પ્યારા " એ લીટીથી શરૂ થતો અગીઆર ભાષાનો છપ્પો એમણા અગાધ જ્ઞાનની સાચ સાચી સાખ પુરે છે.

" અગીઆર ભાષાનો છપ્પો "

" ગિરિધર મુંજ્યો પ્રાણ તુંહી સાંવલડાં પ્યારા;
માદર પિદર બિરાદર દુશ્મન ખલક બિસારા;
માટા મંચિ વિનિપૂ સ્વામી ઇકડરારા;
જાણી જીયકી પીર મનોરથ પૂર્યા માહારા:
હરિ નકો કુણાચા પ્રેમ વ્હું ત્વમેવ સ્વામી નિરંતર;
નંદ મ્હેરકે પુતવા દયા પ્રભુ થાકી દાસી કાંઇ ડર. (રસિકરંજન)

એમણો અક્ષર–દેહ અખૂટ છે. એમણો અક્ષર–દેહ એ એમણા ક્ષર દેહનો અરિસો છે. એમણું સાહિત્ય દરેક ભાષામાં, એકેએક રાગમાં ને હરેક તાલમા માલમ પડે છે. છતાં વધારે ખુબી તો એ છે કે એમણું રસબસતું–દર્દભર્યું સાહિત્ય દરેક ભાષામાં હોવા છતાં એક ભાષાના કથનમાં બીજી ભાષાનો શંભુમેળો થએલો જોવામાં આવતો નથી. એમણું ગુજરાતી ને હિંદી સાહિત્ય વિશાળ છે. ફારસી ભાષામાં તરેહ તરેહના રેખતા, પીસતા ને ગઝલો છે. દક્ષિણી સાહિત્યમાં પદો, અભંગો ને ભાવણીઓ છે. પંજાબી, મારવાડી, મેવાડી વગેરે ભાષાઓમાં પદો, ઠુમરીઓ, ગઝલો, કેરબા વગેરે છે. આ વગર બીજું સાહિત્ય તો જુદું ! આ તો એમણા અથાગ–સાહિત્યમાંનું કાંઇક ! પણ એટલું તો હું બેધડક કહી શકીશ કે એમણું દરેક ભાષાઓનું કથન હૃદય–સ્પર્શી છે, ભાવભર્યું છે, હૃદયના તારને ઝણઝણાવી નાખે તેવું છે, અંતરે ઊભરતી ઊર્મિઓને બહેલાવે તેવું છે, આત્માને ઊંડાણે ગુંજી રહે તેવું છે, હૈયે ઊમટતી આશાઓને સંતોષે તેવું છે, રસિકોના મસ્તકને હળવે હળવે ડોલાવે તેવું છે.

"ચેત ચેત મન ચપળ થઇને કૃષ્ણ કૃપાનિધિ ભજની" એ લીટીથી શરૂ થતી ચેતવણી જનતાને એક અજોડ ચાબખારૂપ છે. જે વાંચે તેના દીલમાં સચોટ ઠસ્યા વગર રહેજ નહિ. તેના હૃદયમાં તેમાં આલેખેલી શિખામણો, તેમાં વર્ણવેલી દર્દભરી કહાણી રમી રહ્યા વગર રહેજ નહિ. દરેક પ્રકારની શિખામણો આપતાં પોતે કવે છે.

"તે માટે મ્હારૂં કહ્યું કરીને ગોવિંદના ગુણ ગાની રે;
આ માયા મમતા મૂકીને તું ત્હારૂં ચેતી જાની રે.

× × × ×

માટે કોટિ કલ્પના કાહાડી ગાની શ્રી ગોવિંદરે;
એ દાસ દયાના પ્રભુ ભજતાં થાશે અખિલાનંદરે."

એ રસિક શિરોમણિનાં નીતિ ભક્તિ ને શિક્ષાઓનાં પદો ઘણાં છે એકેએક પદમાં દાખલા દલીલો આપવાની એઓશ્રીની શક્તિ અસાધારણ છે. ઊંધે રસ્તે જતી જનતાને સીધે રસ્તે દોરે છે. એમનાં જીવનને ઉન્નમાળે છે.

'મોટાનું વચન સુખ ધામ, કૃતિ રીતે કરીએ;
મોટા કરે ચાહાય તે કામ, આપણ તો મરીએ."

આ પદમાં એઓશ્રીએ ચોટ દાખલા ને હૃદયમાં ઠસી જાય તેવી દલીલો આપી જનતાને બેહુદુ કાર્ય ન કરવા ઉપદેશ આપ્યો છે. મોટેરાંઓએ કરેલાં કાર્યો બતાવ્યાં છે. તેમાંનું એકાદ કાર્ય તું કરીશ, પણ તારાથી બીજાં કામો નહિ થઇ શકે. માટે હું તને લાખ વાતની એકજ વાત કહું છું.

"માટે પ્રમાણ પંથે ચાલવું, ને ભજવા શ્રી ગિરિવર ધારીરે;
મોટાની ગતિ મોટા જાણે, દયા દીનતા સારી.
કૃતિ રીતે કરીએ."

ગુજરાતી કવિઓમાં સ્ત્રીહૃદયને સચોટ પિછાન્યું હોય એમની અકથિત વેદનાને જાણી હોય, એમના હાવભાવનું આબેહૂબ મનન કરી કવનમાં સાંગોપાંગ ઊતાર્યું હોય તો તે શ્રીદયારામભાઇનેજ આભારી છે દયારામભાઈ એટલે સ્ત્રીહૃદયના જાણનાર. ગુર્જર સાહિત્યની રસકુંજની રસભરી ગરબીઓ સાવ સાચી સાખ પૂરે છે રૂક્ષ્મણિહરણમાં પણ આ વસ્તુ જોઇ શકાશે.

"એ તો નાથ સંભારે, ને નિઃશ્વાસ મૂકે;
રાત દિવસ કાહાડે રોઇનેરે.

× × ×

અન્ન નાં ભાવે ને નિંદ્રા નાં આવે;
કહેવાય નહિં દુખ કોઇનેરે."

(રૂક્ષ્મણિહરણ)

કટાક્ષ ફેંકવામાં દયારામભાઇ કોઇથી ગાંજ્યા જાય એમ નથી. શિશુપાલને માટે જે કટાક્ષો ફેંકવામાં આવ્યા છે તેમાં એમણે હદ કરી નાખી છે.

"એ તો આવ્યો છે કોડ, પણ જશે માથે ખોડ;
ધિક્કાર ફટ એના ભાગ્યમાં રે."
(રૂક્મણિહરણ)

એકે એક વિદ્યામાં પારંગત થયા હોઈએ, દરેક પ્રકારની કલાઓ જાણતા હોઇએ, જનતા આપણને માન આપતી હોય, જનતા આપણને જોવા ઊભરાતી હોય, જનતાને બોધ આપતા હોઇએ,—આ બધું હોય—પણ પ્રભુને ન ઓળખતા હોઇએ, પ્રભુને ન ભજીએ તો આ બધું એકડા વિનાના મીંડા જેવું જાણવું.

"સોમણ તલથી શું સર્યું, રહ્યું અંધારૂં ઘોર,
રહ્યું અંધારૂં ઘોર, ચતુર્દશ વિદ્યા ભણીઓ.
જ્ઞાનકળા રતિકળા, શૂર પણ તું અગ્રણીઓ;
કરન પ્રબોધ વિચાર સકળ, ગુણસાગર ચાતુર.
સમસ્ત કવિ અમર દયા, સૌ જોવા આતુર;
પણ આતુર થઇ ફલ સર્વનું, જો ભજ્યા ન નંદકિશોર.
સોમણ તલથી......(૧૩)

શું જાણે વ્યાકરણી, એ વસ્તુને, શું જાણે વ્યાકરણી. (ટેક)
મુખ પર્યંત ભર્યું ઘૃત તદપિ, સ્વાદનાં જાણે એ બરણી,
એ વસ્તુને ... (૧).
સુંદર રીતે શાક વઘાર્યું તોહે, ભોગ નાં પામે ભરણી,
એ વસ્તુને......(૨)
અંતર માંહે વસ્યો અગ્નિ, પણ આનંદ પામે ન અરણી,
એ વસ્તુને . ...(૩)
નિજ નાભીમાં કસ્તુરી તેથી, હર્ષ નાં પામે હરણી,
એ વસ્તુને......(૪)
દયો કહે ધન દાટ્યું ઘણું જથમ ધનવંત કહાવે ન ધરણી,
એ વસ્તુને......(૫)

જેઓ ફાંકો રાખતા હોય કે અમાના જેવા કોઈ વિદ્વાન્ નથી, અમારા જેવા કોઇ પૂજાતા નથી, અમે જેટલું જાણીએ છીએ તેટલું બીજા જાણતા નથી, અમેજ દરેક વિદ્યામાં, દરેક કલામાં પારંગત છીએ, જગતમાં રહેલી એકેએક વસ્તુઓના અમેજ જાણકાર છીએ—તેઓએ આ પદ ખાસ મનન કરવા જેવું છે.

રાગ સારંગ : — હોરી : —

" મુજને અડશો મા, આઘા રહો અલબેલા છેલ અડશો મા. (ટેક)
અંક ભર્યાના સમ ખાઓ તો, અધરતણો રસ પાઉં, લાલ;
પણ નંદકુંવર કાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં, માટે અડશો મા...(૧)

તું મુજ અડતાં શ્યામ થાશ, ત્યારે હું કયમ નહિં થાઉં ગોરો;
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો તુજ તોરો;
વામા વદશો મા, મળ્યા વિના નહિં ચાલે—વામા વદશો મા ..(૨)

કાળી થયાનું કષ્ટ નથી, પણ લગન લોકમાં ઠરશે લાલ;
આ લઘુવયમાં લાંછન લાગ્યાથી, બીજો વર કયમ વરશે. માટે અડશો મા...(૩)

બીજા વરનું કામ શું છે, હું વર વહુ તું ધન્યા;
જેનું લાંછન તેને વરીએ, એમાં શો અન્યા. વામા વદશો મા...(૪)

સુણી એમ હરિવદની હસી ભેટયાં, પ્રતિઉત્તર નાં દીધો.
હોળીની હાંસી મીસે, દયા પ્રિતમ બેઉ આનંદ લીધો. માટે અડશો મા...(૫)

આ સારંગની હોળીમાં એ ગુજરાતની રસીલી રસકુંજના રસિક રસરસીઆએ આડો આંક વાળી દીધો છે. શ્રીશ્યામસુંદર ને શ્રીરાધિકાજીના પાત્રમાં પોતાના ગોપીહૃદયનો ભાવભર્યો ભાવ પ્રકટ કર્યો છે. સંવાદમાં હાસ્યરસની ઝમક દેખા દે છે.

જીવ ગફલતમાં પડી ગયો છે. પ્રભુનું નામ સ્મરણ ભૂલી ગયો છે. પ્રભુના સાથેનો સંબંધ વિસારી ગયો છે. એ જીવને સરળ રસ્તો બતાવે છે.

" ઓર બાતમેં દીલ નહિં દેના, નિશદિન સતસંગતમેં રેહેના;
જો કછુ આય પડે સો સહેના, દયા નામ રટ કર ચિત્ત ચિંતન-મદન મોહન ફાંકડા."

ગફલત ટોટા બડા બહાવરે કયોં ગફલતમેં પડા ભલા.

એ ભજનીય ભકતવર્ય આથી વધારે શું શિક્ષા આપે. આથી વધારે સરળ રસ્તો કિયો બતાવે. એમાં ઘણું બતાવ્યું છે. ટુંકાણમાં પતાવી દીધું છે. ગાગરમાં સાગરને ભર્યો છે. જગતની કોઇ પણ વસ્તુમાં મનને પરોવવું નહિં. હમેશાં સંતસમાગમ કરવો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જે જે દુ:ખો (લૌકિક તેમજ અલૌકિક) આવી પડે તે ધીરજ રાખીને હસતે મુખડે-ઉછળતે હૈયે સહન કરવાં. પ્રભુની સેવા કરવી. પ્રભુ નામનું રટણ કરવું. પ્રભુનું જ ચિંતન કરવું.

પ્રભુનું ભજન કરવામાં, પ્રભુના ગુણ ગાવામાં તને પૈસો બેસતો નથી, તારા હાડકાંની હુંડી થતી નથી તે છતાં જો તું પ્રભુનું ભજન નહિં કરે તો મારે તને કહેવું પડશે કે ત્હારા કર્મના કાળા છે-માટે તું શ્રીકૃષ્ણને ભજ.

" દામ નાં લાગે, ને હાડ નાં ભાગે, ગાતાં ગોવિંદ ગોપાલા;
દયો કહે તોહે ભજન નાં ભાવે ત્યારે, ત્હારે લલાટે લખ્યા લ્હાળારે"- શ્રીકૃષ્ણ શેં નાં ભજે.

× × ×

" એવા કરૂણાનિધિ સમર્થ શ્રીનાથજી દાસ દયાના પ્રીતમ પ્રાણ આધાર જો;
એને મૂકી અન્ય તણો આશ્રય કરે, તે નિર્ભાગી મુરખના સરદાર જો."

અન્યાશ્રયીને શ્રીદયારામભાઇ આથી વધારે શું કહે શ્રીદયારામભાઇ તો ચોખ્ખું જ કહે છે. શ્રીકૃષ્ણચંદ્ર વગર મારે તો કોઇ જ નથી.

" રાધાઅરસોં જો બને, તામેં હમકો સ્વાદ;
દયા બને જો ઓરસોં, હમરે હર પરસાદ. "

એ રસબસતી જુગલ જોડીના સ્વરૂપને સમજીએ. શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીરાધિકાજી બન્ને એક જ છે. બન્ને એકમેકના આત્મા છે.

" શ્રીકૃષ્ણ પ્રભાવતી સુતા, સકૃત વસ્તુતા; શ્રીરાધાજી અસુ-અવિનાશીયે, કૃષ્ણ આત્મા શ્રીરાધિકાજીએ. "

ત્યારે એમણે બે સ્વરૂપ ધારણ કરવાનું શું કારણ? આનો જવાબ આપી એ ભજનીય ભક્તવર્ય શું માગે છે તે જોઈએ.

" યુગ્મરૂપ લીલા સાટી, ભક્ત ગોડ વાટી, સદા શ્રીવૃંદાવન વિલસીતા, અખિલ જગતાચે જનુની પિતા; માલા ધાવી પ્રેમે દઢ ભક્તિ, વ્યસન આસક્તિ, કલુંની પ્રભુ શરણાગતિ આપુલા, અવિદ્યારૂપી કાહાડાવી બલા; દાસાનુદાસ દયારામ, યુગલાચા ગુલામ, મ્હણે યશદ્વાર પુઢે નિજ ઉભા. "

ચરન કમલી માઝી મતિ લુભાયા વૃષભાનુ-સુતા. (૪)

શ્રીદયારામભાઈ શું માગે છે તેનો વિચાર કરો. જગતમાં રહેલી નાનકડી વસ્તુથી માંડીને મોક્ષ સુધીની કોઈ પણ વસ્તુ માગતા નથી. ફક્ત જુગલ સ્વરૂપની દઢ ભક્તિ માગે છે. પ્રેમ-આસક્તિ ને વ્યસન માગે છે. દઢ શરણ માગે છે. માયાનો દાસ નહિં બનવા દેવા વિનવે છે. એ બલાને હૃદયમાંથી કાઢી મૂકવા પ્રાર્થે છે. જુગલ સ્વરૂપનો દાસ બની યશગાવા દીનતાપૂર્વક માગણી કરે છે.

" રાધિકે ત્હારે પ્રેમે હું મોહ્યો " એ ગરબીમાં બન્ને સ્વરૂપ એક જ છે તે સરળ ભાષામાં જણાવે છે.

" તું તે હું ને હું તે તું વેદમાં વાણી, મ્હોટા ભાગ્યવાળા શકે કોઇ જાણી, જુગલ છબી દાસ દયે ઉર આણી.

રાધિકે......(૮)

" રાધા જલમીનં, રતિરસલીનં, ભક્તાધીનં, પ્રિયદીનં, જન દયારામ-ઉરહારં, "
શ્રી નટવર નંદકુમારં.

આ પ્રબંધમાં પાણી અને માછલાના દાખલાથી એજ વસ્તુ સિદ્ધ કરે છે, શ્રીશ્યામસુંદર ને શ્રીરાધાજી બન્ને સાથે જ રહે છે. બન્ને એકમેકનાં પ્રાણ છે જરા પણ વિખૂટાં પડતાં નથી. છૂટાં પડે છે ત્યારે પાણીને માછલાં જેવું થાય છે. પાણી વગર માછલું જીવી શકતું નથી. માછલડાં વગરનું પાણી ખરાબ થઈ જાય છે. એ રસબસતી રસભેલડી શ્રીદયારામભાઈના હૃદયની માળા છે.

"કરમન ઓહી છેલસો પ્યાર," આ ધન્યાશ્રીના 'ખ્યાલમાં' પ્રેમ કોની સાથે કરવો તે આપણને બતાવે છે. જરા એ 'ખ્યાલ'ની કડીઓ નિહાળીએ.

"પુરૂષોત્તમ પરબ્રહ્મ સનાતન, નટવર નંદકુમાર.
સદ્‌ગુન સાગર પ્રિતમ દયાકો, શ્રીરાધાઉરહાર.
કરમન......(૨)

જે પુરૂષોત્તમ છે, જે પરબ્રહ્મ છે, જે સનાતન છે, જેમનામાં સદ્‌ગુણોનો ભંડાર છે, જે શ્રીરાધાજીના ઉરના હાર છે એવા શ્રીનંદકુમાર સાથે હેમન!, તું પ્રેમ કર.

એ ગુજરાતની ગરવી ગોપી પરમપુનિત પ્રેમરસ પીવા શું થવા માગે છે તે જરા નિહાળો. એ પ્રેમરસ પીવા માટે દાસી થવાની ઈચ્છા રાખે છે.

પદઃ–રાગ સોહયણી—

ઓરાં રસકી તો મેં નાં પ્યાસી, માકા રાજ ચંદ્રાજી;
સહજરો પ્રેમરસ પાજો માકારાજ. ઓરાં......(ટેક)
ચાર પદારથ મેં નહિં ચાહાવાં, ચાહાવાં મેં તો ખાસાંરી ખવાસી;
દયારામ પ્રિતમ મોકી એહી અરજ છાં, બસો ઢીગ બ્રજરા બેલાસી, માકા...(૨)

"એ પ્રેમ પરમ આનંદરસરે, રખે વિષય સુખ મન આણો;
એમાં શુક મુનિ ને શિવ છાકયારે, તે શું કામી છે જાણો?;
જેણે કામને મોહ પમાડ્યો, તે પ્રભુ કામે કયમ વશ થાય;
એ કૃષ્ણ ક્રીડા રસ ગાતાંરે, "કામ રોગી ઉરથી જાય."
ગ.બી (શ્રી વૃંદાવન સુખાકારીરે......)

આ પ્રેમરસ આનન્દ રસ છે. એને તમો વિષય સુખ જરા પણ ન માનશો. એ પરમ પુનિત પ્રેમરસમાં ગર્ભયોગી શુકદેવજી અને શિવજી જેવા છકી ગયા તેમને શું આપણે કામી કહી શકીશું? કદિ નહિ. જે પ્રભુએ કામને મોહ પમાડ્યો તે શું કામને વશ થાય? એ પ્રભુની ક્રીડાનું ગાન કરતાં હૃદયમાં રહેલો કામરૂપી રોગ તુરત નાસી જાય. મન વિશુદ્ધ બને.

(૬૬) જ્યારે ગોપી પ્રભુનાં દર્શન કરે છે, દર્શન કર્યા પછી મિલન થતું નથી ત્યારે એ છેલ છબીલા છોગાળા શ્યામસુંદના વિરહમાં ઝૂરે છે. ઝૂરી ઝૂરીને પ્રભુમિલન માટે તલસે છે. એ દર્દભર્યા વિરહે પીડાતી ગોપીની અકથ્ય કહાણી નીચેના રેખતાઓમાં શ્રી દયારામભાઈ સુંદર રીતે રજુ કરે છે.

"એક ખુબસુરત ગભરૂ, રે ગુલઝાર સાંમલા;
તારીફ કયા ઉસીકી, વે સબ ભાંતસે ભલા (ટેક)
ઈસ બગરકી ડગર વહ, મેરા ચિત્ત ચુરા ચલા;
કહતીતી સબ આલમ, વહ નંદકા લાલા
એક ખુબસુરત......(૧)
જો મેં બુજુ એસા, દરદ બિરહ હે બલા;
તો મેં ઉસી પલક, જાય પકરતી પલા,
એક......(૪)
મિલાઓ કોઉ મેહેબુબ, દુસરી ન હેંસલા;
દયાકે પ્રિતમ બીન, મરૂંગી કાટકે ગલા."
એક......(૫)

એ પ્રભુ વિહરે પાડાતી દુઃખીઆરી ગોપી પ્રભુ વગર કશું જૂએ જ નહિ પ્રભુની મધુરી વાણી વગર એને કશું સાંભરે નહિ એને પ્રભુની ક્રીડાઓજ યાદ આવે.

"દેખો દેખો વે મેરી અખિઆઁકું કયા ભાન પરી
દેખો દેખો જીત તીત મોહેકું સાંવરી સુરત દરસ દેરી."

× × ×

"આવે યાદ મોહન બતીઆઁ, છતીઆ ફટી જાતી હે; (ફટી)
કુછ કહે મેં નહિ આતા, અખીઆઁ ભર ભર આતી હે."

એ દુઃખીઆરી ગોપીને પ્રભુ–મીલન ન થાય ત્યારે ધ્રુસકે ધ્રુસકે રડે તેમાં શી નવાઇ. એ તો રડતી જાય, નિસાસા નાખતી જાય ને સંભારતી જાય.

"કયાં તે શરદક્ષપાચંદ્રમા, કયાં તે ત્રિવિધ સમીર
કયાં તે સુખ પુંજ નિકુંજ, કયાં તે શ્રી યમુના તીર;
કયાં તે મોહન છબી માધુરી, વન રાસ વિલાસ;
આજ સૌ અળગાં થયાં, પ્રભુ પાખે દે ત્રાસ."
"પડ્ઋતુ"

(૬૭) એ ગુજરાતી સાહિત્યની રસાળી રસકુંજના રસરસીઆના અખૂટ સાહિત્યમાંથી જુદી જુદી ભાષાની વાનગીઓ આપ સમક્ષ પીરસી છે એમણે સમયમાં હિંદમાં બોલાતી એકે–એક ભાષાનો અભ્યાસ કરી, રાધાકૃષ્ણની રસબસતી રસએલડીના ગુણગાનમાં એ રસિક રસરસીઆએ સાહિત્યનું સુંદર સર્જન કર્યું છે. એમણા અઢળક સાહિત્યના અવલોકન પરથી હું જરૂર કહી શકીશ કે એમણા વખતમાં જો અંગ્રેજી–ભાષાનો અત્યારે જેવો પ્રચાર થએલો છે–તેવો જો થએલો–હોત તો તે ભાષામાં પણ નિષ્ણાત બની જરૂર એ જુગલ જોડીનાં ગુણગાન ગાયાં હોત. દયારામભાઈ એટલે એકે એક ભાષામાં પારંગત.

શ્રી દયારામભાઈનો ક્ષરદેહ હાલમાં તો નથી જ. અત્યારે તો એ રસીલા રસમેલનો એકેએક હૈયાંને અચૂક સ્પર્શતો અખૂટ અક્ષરદેહ છે. એ અક્ષરદેહ જેટલો છપાયો છે તેટલો બલ્કે તેનાથી એ વધારે અપ્રકટ છે. પ્રકટ સાહિત્ય અશુદ્ધ છપાયું છે. એને શુદ્ધ સ્વરૂપમાં મૂકવાની ખાસ જરૂર છે. જો શુદ્ધ સ્વરૂપમાં નહિ મૂકવામાં આવે તો અર્થનો અનર્થ થશે ને સાથે સાથે એ રસિક-ભકત કવિવર્યને અન્યાય થશે. દયારામ સ્મારક સમિતિએ આને માટે ખાસ વિચાર કરવો ઘટે છે. વેપારી બુદ્ધિવાળાઓ આ કામ ન જ કરી શકે. સેવાભાવી સેવકો જ કરી શકશે. આ બાબતની છણાવટ કોઈ બીજી ઠેકાણે પ્રસંગ મળે કરીશ.

દયારામભાઈનું ગરબી-સાહિત્ય અજોડ છે. એમના અગાધ સાહિત્યની સરખામણીમાં તો બહુ જ થોડું છે પણ એ થોડા ને રસભર્યા-દર્દભર્યા-વ્હાલભર્યા-ભાવભર્યા સાહિત્યે જ એમને જગત્ સાહિત્યમાં અજોડ ને અમર બનાવ્યા છે. એમનું ગરબી-સાહિત્ય એટલે એમનું ભાવભર્યું-રસભર્યું-દર્દભર્યું-વ્હાલભર્યું ગોપી-હૃદય. એમની ગરબીઓમાં ગોકુલના કામણગારા કનૈયાની મંજુલ મુરલીનું ગુંજન છે. એમની ગરબીઓ એટલે શ્રી યમુનાજીના આરેથી ગુંજતી મુરલી છેડતા ત્રિભંગ લલિત રસસ્વરૂપની રસ વાંસલડીનો આબેહૂબ પડઘો. એમની ગરબીઓના એકેએક શબ્દો સરળ છે, સાદા છે, મોહક છે, હૃદયમાં ઠસી જાય તેવા છે, સરસ છે, કાળજડાની કોરને કાપી નાખે તેવા છે, હૃદયને સોંસરૂં વીંધી નાખે તેવા છે. એમની ગરબીઓ સાદી છે, સુંદર છે, મનોહર છે, રસભરી છે, ભાવભરી છે, વ્હાલભરી છે, દર્દભરી છે, સ્નેહભરી છે, ગહન છે. એમની ગરબીઓમાં ભાવ, ભભક ને વિહ્વળતાનું અતૂટ જોડાણ છે. ગેયતા, છંદો બદ્ધતા ને કલ્પનાઓનાં ઊંડેરાં ઊડ્ડયનોની અનુપમ ગૂંથણી છે. એમની ગરબીઓ ગુજરાતનું નાક છે, ગુજરાતી સાહિત્યની શોભા છે, રસ-રસિયેણ ગુજરાતણોનું કોડીલું સંગીત છે.

દયારામભાઈની એકે એક ગરબીઓ એટલે એ ગોકુલના કામણગારા કાનુડાની, એ યમુનાતટેથી રસવાંસલડી-છેડતા રાસવિહારીની ગુંજતી મુરલીનો સચોટ પડઘો. એ રસભર્યા પડઘાનો આંતરધ્વનિ અનોખો તરી આવવાનો. યમુનાતટના બંસીધરની ગુંજતી મુરલીએ ગુજરાતની-એ નર્મદાતીરની ગરવી ગોપીના હૃદયે વસી વદને રમી રહી હતી. એ ગુંજતી મુરલીનું ગુંજન અખંડ ગુંજી રહ્યું હતું. એનો ટહુકો સદા ટહુકી રહ્યો હતો. એ ટહુકાના ટહુકારને એ નર્મદાતીરના કોડીલા બંસીધરે બરાબર ઝીલ્યો છે, હૃદયમાં સચોટ-પધરાવ્યો છે. એ ટહુકાની મનોહર રમઝટમાં જીવન ભર મગ્ન બની ભાવભરી-રસભરી-દર્દભરી-ગરબીઓની સુંદર સજાવટ કરી છે. એમણી ગરબીઓ રસરસિયેણ ગુજરાતણોની રસમાળા છે. એ રસમાળાને ગુણિયલ ગુજરાતણો હોંશભેર પહેરે છે. એ રસમાળાના રસગુંજનથી આકર્ષાઈ ગાંડીઘેલી થઈ જાય છે.

દરેક ગરબીઓમાં એમણા પ્રેમાળ-સ્નેહાળ ગોપી-હૃદયનો ભાવ જુદો તરી આવવાનો એમણા ભાવભર્યાભાવનો મંજુલ રવ જુદો પડવાનો. જેવો ભાવ તેવો રવ જેવો ભાવ-તેવું વર્ણન-અંતે રાધેશ્યામની રસબસતી રસખેલડીમાં-પરિણમવાનું. નાયકા ભેદથી પણ વર્ણન ખરૂં; ભાગ્યેજ ભાવોનું મિશ્રણ દેખાશે. ભાવનું જોડાણ. એટલે ચમત્કૃતિનું નિધાન પરમ પુનીત પ્રેમરસનું ઉદ્ઘાટન, ભાવભર્યાભાવનું મોંઘેરૂં-મ્હેરામણ, આનંદરસનાં ઝરમર ઝરમર ઝરતાં ઝરણાંઓનું ઝરણ, વિરહને તાપકલેશના ઝરતા તણખાઓનું વર્ણન, રસબસતી રસખેલડીનું અખંડ રહેઠાણ.

જ્યાં સુધી ગુજરાત છે, જ્યાં સુધી ગુજરાતી-સાહિત્ય છે, જ્યાં સુધી ગુજરાતી-સાહિત્યમાં ગરબી-સાહિત્યનું અજોડ સ્થાન-છે, જ્યાં સુધી રસરસિયેણુ ગુજરાતણો એ ગુજરાતની રસકુંજના રસરસીઆ પર વારી જાય છે, જ્યાં સુધી ગરબે ઘૂમતી ગરવી ગોરીઓ ગરવી ગરબીઓનાં હોંશભેર ઓવારણાં લે છે, જ્યાં સુધી એ રાસઘેલડી ગુજરાતણોને ગરવી ગરબીઓનું અતૂટ લટણુ લાગ્યું છે, ત્યાં સુધી એ ગુજરાતનો કોડીલો બંસીધર-એ ગૂર્જર ગરબી-સાહિત્યનો સાહિત્યાચાર્ય જગત્ સાહિત્યમાં અમર છે, ગરબી-સાહિત્યમાં અજોડ છે.

જ્યારે જગત્‌ભરના સાહિત્યની નોંધાવલીમાં ગરબીઓનાં મૂલ્ય અંકાશે ત્યારે મૂલ્યાંકન થશે. દયારામભાઇની ગરવી ગરબીઓનાં. જ્યાં સુધી એ ગૂજરાતી સાહિત્યની રસિલી રસકુંજના રસરસીઆનું રસરસિયેણુ ગૂજરાતણોના હ્રદયમાં અખંડ સ્થાન છે; ત્યાં સુધી એ ગૂર્જર ગરબી સાહિત્યાચાર્યના પેંગડામાં કોઈપણ પગ ઘાલી શકવાનું નથી. હજુ સુધી ગુજરાતે સાહિત્ય જગતને ખોળે "બીજો દયારામ" અર્પણ કર્યો નથી. દયારામભાઈની સરખમણી દયારામભાઈ સાથે જ થાય!

દયારામભાઈ ગુજરાતના છે. ગુજરાત દયારામભાઈનું છે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, જ્યાં જ્યાં ગરવી ગુજરાતણો હોંશભેર ગરબે ઘૂમે છે, ગરબે ઘૂમતી ગોરીઓ ગરવી ગરબીઓને મધુર કંઠે સુરીલા અવાજે ટહુકે છે ત્યાં ત્યાં દયારામભાઈ છે. દયારામભાઈ ગુજરાતણોના છે. ગુજરાતણો દયારામભાઈની છે. દયારામભાઇની ગરવી ગરબીઓની છે. ગરવી ગુજરાતણો એ ગુર્જર ગરબી સાહિત્યાચાર્ય પર વારી જાય છે. એ ગુર્જર સાહિત્યની રસઝરતી રસકુંજના રસરસીઆનાં હોંશભેર અંતરે ઊભરાતા ઊમળકાભેર હૃદયે ઊમટતી ઊલટભેર ઓવારણાં લે છે. દયારામભાઇ એટલે રસરસિયેણુ ગુજરાતણોના હ્રદયરાજવી. દયારામભાઇ એટલે ગુજરાતની નર્મદાતીરની પ્રેમે પચેલી રસીલી ગુજરાતણ. દયારામભાઇ એટલે સ્ત્રીહૃદયના ચોરણહાર, વનિતા વદને વિહરનાર, સુંદરી કંઠે ઢળનાર. ગુજરાતની સાહિત્ય વાટિકાની રસભરી પરિમલે પગરતી રસકુંજના રસિક રસમાળી. રાસઘેલડી ગુજરાતણો એ નર્મદાજીના સોહામણા આરાના કોડીલા બંસીધરની રસભરી વાણી પર મુગ્ધ છે, એમના ભાવભર્યા ભાવ પર વારી જાય છે, એમની મધુરી, મનોહર ને મીઠી મીઠાશનાં ઓવારણાં લે છે.

દયારામભાઇનું નામ ગરબીઓ સાથે જોડાએલું છે. જ્યારે જ્યારે આપણને ગરબીઓ સાંભરશે ત્યારે ત્યારે આપણને દયારામભાઇ જરૂર સાંભરવાના. જ્યાં જ્યાં ગરબીઓ ગવાશે ત્યાં ત્યાં દયારામભાઇ જરૂર હૃદયે વસવાના, કંઠે ઢળવાના, વદને રમવાના. દયારામભાઇ એટલે ગુજરાતની-ગુજરાતી સાહિત્યની અનુપમ ગરબીઓ. એમની ગરવી ગરબીઓ એટલે ગુણિયલ ગુજરાતણોનું કોડીલું સંગીત.

દયારામભાઇ ગુજરાતમાં છે, હિંદમાં છે એમ કહેવાને બદલે જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, જ્યાં જ્યાં રસરસિયેણુ ગુજરાતણો ગરબે ઘૂમે છે ત્યાં ત્યાં દયારામભાઇ છે એમ કહું તો તે કાંઇ ખોટું તો નજ કહેવાય! પછી ભલે તે ગુજરાતી ગુજરાતમાં હોય, હિંદના કોઇપણ ખૂણે રહેતો હોય, કે જગત્‌ના કોઇપણ ભાગમાં વસતો હોય! પછી ભલે તે ગુણિયલ ગુજરાતણ ગુજરાતમાં મીઠી હલકથી ગરબા ગાતી હોય, હિંદના કોઇપણ ભાગમાં વસી ઘરમાં બેસી મધુર કંઠે ભલકારતી હોય કે પછી દુનીઆના કોઇપણ પ્રદેશમાં રહી મંજુલ રવે ટહુકતી હોય!

દયારામભાઇનું ગરબી સાહિત્ય એટલું બધું મોહક છે કે એને વાંચતાં એને સાંભળતાં એની લગની લાગ્યા વગર રહેજ નહિં, ને જ્યારે કોઈ ગુણિયલ ગુજરાતણ મધુર કંઠે-મીઠી હલકથી એકાદ ગરબી છેડે છે; ત્યારે આપણને એમજ થાય છે કે આવી ગરબીઓ આલેખનાર, ગરબીઓની આવી સુંદર સજાવટ કરનાર, ગુર્જર-ગરબી-સાહિત્યાચાર્ય શ્રીદયારામભાઈ કેવા હશે! એ ગુર્જર-સાહિત્યની રસભરી રસકુંજના રસિક રસરસીઆને નીરખું તો? આવા પ્રકારનો તનમનાટ, આવી જાતનો તલસાટ તે વખતે તેજ ક્ષણે આપણને જરૂર થવાનો જ.

દયારામભાઈની ગરબીઓ એટલે ગુજરાતી ભાષાનું નવનીત, એમણી ગરબીઓ એટલે સાવ સોનાનું નગદ નાણું. એ નગદ નાણાંની કિંમત આંકી શકશો? એની કિંમત આંકી નહિં અંકાય! કિંમત આંકતાં આવડે તો ભલે આંકો, પણ જોજો રખે કિંમત આંકતાં ભૂલ થાપ ન ખવાય! કિંમત આંકતાં વમળમાં ન પડાય!

ખરેખર! એમણી ગરબીઓ ગુજરાતી-સાહિત્યમાં અનોખી ભાત પાડે છે, એમણી ગરબીઓ ગુજરાતી-ભાષાનું ભૂષણ છે. જગત્ ભરની ભાષાઓમાં જો ગુજરાતી ભાષાનાં-મૂલ્ય આંકી શકાય એમ હોય તો તે ફક્ત ગરવી ગરબીઓથી આંકી શકાય એમ છે. જગતભરના સાહિત્યમાં જો ગુજરાતી સાહિત્યને સ્થાન મળતું હોય, મળી શકે એમ હોય તો તે ગુર્જર-ગરબી સાહિત્યથી મળી શકે એમ છે.

સરળ વાણી, સચોટ શિક્ષા, સાદી ભાષા, સુંદર આલેખન, મધુરી મીઠાશ, મીઠી હલક, હૈયે ઊભરતો ભાવભર્યો ભાવ, દર્દભરી કહાણી, હૃદય-વેધક વેદના, રસભર્યું દિગ્દર્શન, વહાલભર્યાં મ્હેણાં, પ્રેમભરી પીડા, મનોહર શબ્દ-માધુર્ય, સ્નેહભર્યું પદ-લાલિત્ય આ બધું એ રસરસીઆં નરનારીઓને આકર્ષે છે, એમણાં કાળજડાને કાપી નાખે છે, એમણાં હૃદયને સોંસરાં વીંધીં નાખે છે, એમણાં અંતરને બહેલાવે છે. માટે જ એમણે એ ગુજરાતના રસીલા રસમેઘને મુખમાં રાખ્યા છે. દયારામભાઈ એટલે રસરસિયેણ ગુજરાતણોના મ્હોનું પાન.

દયારામભાઇની ગરબીઓ મહાગુજરાતની શોભા છે, રસરસિયેણ ગુજરાતણોના મધુર મુખડાનું રસઝરંતુ રસપાન છે, રસિક ગુજરાતીઓના સોહામણા આંગણુલે ઝરમર ઝરમર ઝરંતું રસઝરણું છે.

દયારામભાઈ ગુજરાતમાં જન્મ્યા, એમણે હિંદનો પગદંડી પ્રવાસ ખેડ્યો, એક અઠંગ પ્રવાસી બન્યા, પ્રવાસમાં સારા-નરસા અનુભવો મેળવ્યા, તરેહ તરેહની ભાષાઓ જાણી, જનતાને ખોળે ધરી, અમુલો ફાળો આપી જગત્ સાહિત્યમાં અમર થયા. ગરબી-સાહિત્યમાં અજોડ બન્યા. દયારામભાઈ ગૂજરાતના નહિ, હિંદના નહિં પણ સારાયે જગત્-સાહિત્યના. સાહિત્યકારની દષ્ટિ ટુંકી હોય જ નહિ સાહિત્યકારને એકાદ વાડામાં પૂરી નજ શકાય! વખતે પૂરવા પ્રયત્ન કરીએ તો તે વાડાની અભેદ વાડો વટાવીને ચાલ્યા જાય. દુનીઆના કોઈ પણ ભાગનો સાચો સાહિત્યકાર એકલા તે પ્રદેશનો નહિ પણ સમસ્ત દુનિયાનો

દયારામભાઈને કેવી રીતે વિવેચવા એ એક કોયડો છે. એમણે હાલના સાહિત્યકારોના જેવો યુનિવરસીટીના અભ્યાસક્રમનો અભ્યાસ કર્યો ન્હોતો, એમણે યુનિવરસીટીનો હૉલ જોયો ન્હોતો, એમણો અક્ષર-દેહ યુનિવરસીટીમાં રમી રહ્યો છે, રસિકોના મગજમાં રમી રહ્યો છે. એમણા હૃદયમાં ગુંજી રહ્યો છે. દયારામભાઈનું જ્ઞાન અગાધ હતું. એમણી બુદ્ધિ અસાધારણ હતી, એમણી અવલોકન શક્તિ સચોટ હતી, હાલની શિક્ષણ પદ્ધતિનું એમણે શિક્ષણ મેળવ્યું ન્હોતું. કુદરત એમણી શિક્ષિકા હતી. કુદરત એમણી શિક્ષણશાળા હતી કુદરતના પદાર્થો એમણા શિક્ષણ પાઠો હતા, કુદરતની સુંદરતાનું, કુદરતના રસઝરંતા દશ્યોનું એમણે ધારતા સુધી પાન કર્યું હતું. એ પાનના ઊભરા એમણા કવનમાં ઠેરઠેર ઊભરાયા કરે છે એમણે કુદરતને પોતાની કરી દીધી હતી. કુદરત એની મેળે એમના હૃદયમાં વાસો કરીને રહી હતી. કુદરતનો ગમે તે પદાર્થ હોય, કુદરતનું અગાધ સૌંદર્ય ભરેલું દશ્ય હોય, ગુણ અગર અવગુણ આપનારો પદાર્થ હોય, ગમે તે હોય-પણ તે એમણી ગરૂડ દષ્ટિમાં આવી જવાનો જ, આવી ગયા પછી જરાપણ ખસવાનો નહિ. જે નિહાળ્યું તે કથનમાં આવવાનું. જે કથન વાંચતાં-વાંચકને એમજ લાગે કે તે સાવ સાચું ને સચોટ છે.

દયારામભાઇની પ્રસંગને ચિતરવાની, તેને ઠેઠ સુધી એક રસ રાખી વર્ણવવાની, એ વર્ણનને મનોહર બનાવવાની શૈલી ઘણી જ સરસ સરળ, સાદી ને સચોટ છે. એઓશ્રી જે વર્ણન વર્ણવે છે તે વર્ણનને દાખલા દલીલો આપી સ્હામાના દીલમાં બરાબર ઠસી જાય, સ્હામાના હૃદયમાં તરત ઊતરી જાય તેવી રીતે સચોટ વર્ણવે છે. એ રસભર્યા વર્ણનમાં વાચકને લીન કરે છે. વાચક તેવા ભાવવાળો બને છે. એનો આત્મા એકતાન થઈ જાય છે, એકતાર થઇ જાય છે. જ્યારે આત્મા એકતાન થઇ જાય છે-ત્યારે એ રસની જમાવટ, એ જમાવટની મધુરી રમઝટ કાંઇ ઓર જામે છે.

દયારામભાઈએ દરેક રસની જમાવટ એવી રીતે કરી છે કે જે વખતે જે રસ જોઇએ તે વખતે તેજ રસ ત્યાં કાયમ હોય છે. તે રસને કાયમ રાખવા માટે તેવા જ પ્રકારના ઊત્તમમાં ઊત્તમ શબ્દોનું આલેખન હોય છે. એ ગુજરાતની રસકુંજના રસીલા રસરસીઆને સુંદર, સરળ, સચોટ ને સાદા શબ્દો શોધવાની માથાકૂટ કરવી પડતી ન્હોતી પણ એથી ઊલટું પ્રસંગને અનુસરીને તેવા જ શબ્દો આપોઆપ કવનમાં આબેહૂબ ગોઠવાઈ જતા. ગોઠવાઇ જઇ કથનને રસભર્યું, ભાવભર્યું દર્દભર્યું, વ્હાલભર્યું ને હૃદય-વેધક બનાવતા.

દયારામભાઇનું દર્દભર્યું કથન હૃદયમાં સોંસરું પેસી જાય છે. એમનું ભાવભર્યું કથન અંતરમાં તેવોજ ભાવ પેદા કરે છે. એમની દર્દભરી કહાણી દીલમાં તેવુંજ દર્દ ઊભું કરે છે. એમના દીલનું દર્દ રસરાસેશ્વર-રાસવિહારી કદંબછાંયેથી ગુંજતી મુરલી છેડતા લલિત ત્રિભંગી શ્યામસુંદર શ્રીકૃષ્ણચંદ્રના અથાગ વિરહનું છે. એ શ્યામસુંદરના અથાગ-વિરહે પીડાતી ગુજરાતની ગરવી ગોપી હજારો વખત એ ગોકુલના કામણગારા કનૈયાના દર્શન માટે તલસી છે, એ શ્રીયમુનાજીના સોહામણા આરેથી રસખસતી રસ-વાંસલડી છેડતા રસસ્વરૂપના મીલન માટે તલસી છે. એ તલસાટમાં ને તલસાટમાં મેળાપ ન થતાં તરફડીઆં મારી એ વૃંદાવનવિહારીને, એ રાસવિહારીને, એ કદંબછાયેથી મનોહર મુરલી વગાડતા ત્રિભંગલલિત કોટિ મન્મથ મન્મથ રસસ્વરૂપને અંતરના ગાઢ દીનભાવથી અંતકાળ સુધી-છેક છેલ્લટ સુધી-ગોકુલવાસ થતા સુધી આર્દ્રહૃદયે અખંડ વિનવ્યા છે.

દયારામભાઇની વિનવણીઓ કરૂણરસથી ભરપૂર છે. એમની વિનવણીઓમાં કરૂણરસની અવધિ આવી ગઇ છે. ગમે તેવા કઠણકાળજાવાળો ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. એની બે આંખોમાંથી દડદડ આંસુ સરી પડે છે. તે વખતે એ આંસુની ધારાઓ એનાથી રોકી રોકાતી નથી. એ તો ધારા વહ્યા કરવાની ને વિનવણીનાં કરૂણ પદો આર્દ્રહૃદયે ગવાવાનાં. ગાતાં ગાતાં બોર બોર જેવડાં આંસુ સરી પડવાનાં. વિનવણીની શરૂઆત કરૂણરસથી થાય છે ને ધીમે ધીમે એની બરાબર જમાવટ થતી જાય છે ને જ્યારે વિનવણી પૂરી થવા આવે છે ત્યારે તો હદ થઇ જાય છે. વિનવણી પૂરી કરતાં પહેલાં રડવું પડે છે રડતાં રડતાં વિનવણી પુરી થાય છે. એ ભજનીય ભકતવર્યે–એ દયાર્દ્ર દયારામભાઇએ એમના આર્દ્રહૃદયને વધારે આર્દ્ર બનાવ્યું છે. એમની વિનવણી એટલે પ્રભુ સાથેનો એમના ખરા–દીલનો–એમના શુદ્ધ અંતઃકરણનો "એક કરાર".

ખરૂં કાવ્ય તો એજ હોઇ શકે કે જેમાં શુદ્ધ રસનું વર્ણન કરવામાં આવ્યું હોય, રસબરસતા રસસ્વરૂપનું ઓળખાણ કરાવવામાં આવ્યું હોય, રસાભાસનો જરાએ છાંટો ન હોય, રસાભાસની તલપૂર પણ–રતિપૂર પણ–ગંધ ન હોય, રસબસતા રાસવિહારીના સોહામણા રસસ્વરૂપનાં રસદર્શન થઇ રહ્યાં હોય, માધુર્યરસની જમાવટ થઇ રહી હોય, પ્રેમરસની હેલી મચી રહી હોય, ભકિતરસની લ્હેરાતી લ્હેરો લ્હેરાઇ રહી હોય, એ લ્હેરાતી લ્હેરોની મનોહર રમઝટ જામી હોય, એ અખંડ જમાવટમાં ભાવભીનો આત્મા રસમસ્ત બન્યો હોય.

એ ગુજરાતની રસીલી રસકુંજના રસિક રસરસીઆનું એક પણ કથન એવું નહિં હોય કે જેમાં માધુર્યરસની મધુરી મીઠાશ ન મ્હેકી રહી હોય, ભાવભરી ભકિતનાં કમનીય રશ્મિઓ ન ઓપી રહ્યાં હોય, નર્યો પ્રેમરસનો રસભર્યો રસસાગર ન ઉછળી રહ્યો હોય, આનંદ રસનાં ઝરમર ઝરમર ઝરતાં ઝરણાં ન ઝરી રહ્યાં હોય! પ્રેમરસ કહો, શૃંગારરસ કહો, માધુર્ય રસ કહો, આનંદરસ કહો. આનાથી હૃદય છલકાઇ જવાનું, અંતર ઉભરાઇ આવવાનું, હૈયું ઉછાળા મારવાનું. એમણે અક્ષરદેહ એ એમના ક્ષરદેહની પ્રતિભા છે. એમણી વાણીમાં મનોહર મનોભાવના છે. ઉચ્ચ આદેશ છે, નિર્મળ હૃદયની સાવ સાચી સાખ છે, શુદ્ધ અંતઃકરણનું વર્ણન છે, ભાવભર્યા અંતરની સચોટ ઓળખાણ છે, દર્દભર્યા દીલની પિછાન છે, રસબસતી રસિકતાની સુંદર સજાવટ છે.

એ નર્મદાતીરના કોડીલા બંસીધર દુનીઆદારીના વ્યાવહારિક જ્ઞાનમાં કેટલા બધા નિષ્ણાત હતા તેની સાવ સાચી સાખ વાસ્તે એમનો 'વહેવાર-ચાતુરી' ગ્રંથ ખસુસ પુરતો છે. એ ગ્રંથ વ્યવહાર–શૂન્યને પણ વહેવાર–કુશળ બનાવે છે. 'વહેવાર–ચાતુરીની' એકેએક કડીઓ હૃદયમાં કોતરી રાખવા જેવી છે, તે પ્રમાણે વર્તવાથી ભાગ્યે વ્યવહારમાં પાછા પડાય!.

હિંદી ભાષાના પ્રખર કાબુની પ્રતીતિ વાસ્તે એમણો "સતસૈયા" ગ્રંથ એકલોજ પુરતો છે. એક ગુજરાતી કવિ હોવા છતાં હિંદી ભાષામાં પારંગત બની–નિષ્ણાત થઇ ગ્રંથનું સુંદર, ને રસભર્યું સર્જન કર્યું છે. એ ગ્રંથ ઘણોજ ઉત્તમ છે. એમાં એમણે પ્રકરણો પાડ્યાં છે. એમાં એમણે એમણો પ્રાણ રેડી દીધો છે. એમાંએ એ રસીલા રસરસીઆની રસબસતી રસિકતા જરાએ છૂપી રહેતી નથી. એમણે એમણી રસભરી રસિકતાને ઠેર ઠેર ઠાલવી છે. એ ગુર્જર–સાહિત્ય–વાટિકાની રસકુંજના રસિક રસરસીઆની રસભરી રસિકતા ઠેરઠેર ઉભરાય છે. એમાંએ એ પરમ પુનિત પ્રેમે પચેલી ગુજરાતની ગરવી ગોપીની ભાવભરી–દર્દભરી–વહાલભરી–સ્નેહભરી ગોપી હૃદયની હૃદયવેધક કહાણી આબેહૂબ દર્શન આપે છે. એ રસીલા રસમર્મનું અગાધ જ્ઞાન નર્યું તરી આવે છે. દાખલાઓ આપી નાયિકા ભેદથી પણ વર્ણન કરેલું છે.

દયારામભાઇ બહુશ્રુત હતા. તરેહતરેહની ભાષાઓ જાણતા હતા. એ ગુર્જર સાહિત્યાકાશના રસિક રસચંદ્રે તરેહતરેહની ભાષાઓને વાણીમાં વણી દીધી હતી. વણી દેઇ કથનને મનોહર, સોહામણું ને આકર્ષક બનાવ્યું હતું. એ ગુર્જર—સાહિત્યવાટિકાના રસમાળીનું જ્ઞાન અગાધ હતું હરેક પ્રકારનું—એકેએક વસ્તુઓનું એમને ઊંડું જ્ઞાન હતું. એમણી અવલોકન કરવાની શકિત અજોડ હતી. એમણો શબ્દ—ભંડોળ વિશાળ હતો, એમણો "વસ્તુવૃંદ—દીપિકા" ગ્રંથ આ બાબત પર સારો પ્રકાશ પાડે છે. એમાં એમણે એક વસ્તુથી લેઇને એક સોને આઠ વસ્તુ સુધીનું વર્ણન કર્યું છે. દરેક વિષયો પરના જ્ઞાનને કથનમાં સચોટ અપનાવ્યું છે. એમણા વિશાળ જ્ઞાનનો પરિચય આપ્યો છે. એમણા અગાધ જ્ઞાનને જનતાને ખોળે મૂકયું છે. ખરે! દીપિકા વાંચવાથી રસિક વાચક જેટલો ધારે તેટલો જ્ઞાનમાં ઉમેરો કરી શકે એમ છે. મન ફાવે તેટલું જ્ઞાન મેળવી શકે છે. દીપિકા તે અનેરી દીપિકાની ગરજ સારે છે. અરસિક પણ રસિકતા વ્યાપે છે. તરેહ તરેહનું શિક્ષણ આપે છે. સાહિત્યનો વારસો આપે છે. હરેક પ્રકારનું—ઘણી ખરી વસ્તુઓનું સાચું જ્ઞાન આપે છે.

"શ્રીવૃંદાવન—વિલાસમાં" એ ગુર્જર—સાહિત્યની રસભરી રસકુંજના રસરસીઆએ એક સાચા રસિક શિરોમણિને છાજે તેવી રીતે નાચ, તાન, ને ગાનની મનોહર ગૂંથણી કરી છે. નાચતાં પગનાં ઝાંઝરનો ઝણકાર, મૃદંગનો મધુર રણકાર, કંઠનો મંજુલ ટહુકાર—ખરે! એકજ માધુર્ય રસે પરિણમે છે. ઘડીભર મનોભાવના તાદશ થતાં એક અનોખા વાતાવરણમાં વિચરી રહ્યા હોઇએ એમ સાવ સાચું લાગે છે. ભાવભીનો આત્મા ભાવભર્યા ભાવથી ભાવાત્મક સ્વરૂપમાં મગ્ન બને છે. એ રસરસીઆની રસબસતી રસિકતાને સચોટ ઓળખી એ રસિક આત્મા રસમગ્ન બને છે.

એ પરમ પુનિત પ્રેમે પચેલી ગુજરાતની ગરવી ગોપીને એ પરમપુનીત પ્રેમરસ પીવા માટે એ શ્રીવૃંદાવનની કુંજે કુંજે વિહાર કરતા રાસવિહારીનાં, એ ગોકુલની ગરવી ગોપીઓને ઘેરઘેર દહીં માખણની ચોરીઓ કરતા કામણગારા કાનુડાનાં, એ શ્રીયમુનાજીના સુંદર આરેથી રસભરી રસવાંસલડી વેડતા ત્રિભંગ લલિત રસ સ્વરૂપનાં જ્યારે જરાએ રસદર્શન થતાં નથી; ત્યારે એ અથાગ વિરહે પીડાતી ગોપી મિલન માટે ખૂબ તલસે છે, ને એ તલસાટમાં જ્યારે એ ખૂબ આક્રંદ કરતી ગોપીને સાંવરીઆનું મીલન થતું નથી, એ બ્હાલશરી વશકરણી—મધુરી વાણી સંભળાતી નથી, એ મીઠાં મ્હેણાં સાંભળવામાં આવતાં નથી, એ ગુંજતી મુરલીનો મંજુલરવ જરાએ સંભળાતો નથી, એ સોહામણાં રસસ્વરૂપનાં જરાએ રસદર્શન થતાં નથી; ત્યારે એ અકથિત વિરહે પીડાતી ગોપી વિરહ ને તાપકલેશના અવિરત ઊભરાઓ ઠાલવ્યા કરે તો શું ના કહી શકાય કે? એ દુઃખદ ઊભરાઓ કાઢતાં કાઢતાં એ બાકળી બની, ટટળતી ટટળતી કરૂણસ્વરે વિલાપ કરે ને એ વિલાપ કરતાં કરતાં એ દુઃખીઆરી ગોપીની બે આંખોમાંથી ચોધાર આંસુની ધારાઓ વહ્યા કરે, એ બોર બોર જેવડાં આંસુ સરી પડતાં એની છાતી રૂંધાઇ જાય, એના કંઠે શોષ પડે, એની પાંસળીઓ ઓવઇ જાય, એનું કાળજડું કોરાઇ જાય તો તેમાં શું આશ્ચર્ય!

એ ગોકુલના કામણગારા કનૈયાના દર્શન થયા પછી, એ રાસવિહારીના સોહામણા રસસ્વરૂપનું મિલન થયા પછી, એ ત્રિભંગલલિત સ્વરૂપ સાથે રમણ થયા પછી, એ નર્મદાતીરની અલૌકિક વિરહે પીડાતી ગોપી દીનભાવે, દીનવદને, દયાર્દ્ર—હૃદયે પોકારી પોકારીને મરણ વખતે દર્શન આપવા માટે, તરછોડી નહિ મૂકવા માટે, તે વખતે સમય નહિ ગુમાવવા માટે, 'મન—મુખ—લોચનમાં' આવીને વસવા માટે, વસીને રમવા માટે, અંતરને પીગળાવી નાખે તેવા શબ્દોમાં—કઠણ કાળજાવાળાને રડાવી દે તેવા શબ્દોમાં—પથ્થરી દીલવાળાને ધ્રુસકે ધ્રુસકે રડાવે તેવા શબ્દોમાં રાતદિવસ વિનવ્યા કરે તો તેમાં શું આશ્ચર્ય! એ પ્રભુવિરહે પિડાતી ગોપી આજ વિનવ્યા કરવાની

"મ્હારા અંત સમે અલબેલા, મુજને મૂકશો મા,
મ્હારા મદનમોહનજી છેલા, અવસર ચૂકશો મા."

×

"મન મુખ-લોચનમાં" આવી રહેજો, સાંમળીઆ વ્હાલા,
દોષ નાં જોશો દર્શન દેજો, નંદલાલારે." વિનવણી પદ

(૯૫) સર્વનો સાર શોધ્યા પછી, રસરાસેશ્વર રસસ્વરૂપનું અતૂટ લટણુ લાગ્યા પછી, નિશ્ચેના મહેલમાં વસતા વ્રજલાડીલાના સોહામણા સ્વરૂપનાં દર્શન થયા પછી, રાસવિહારીના રસબસતા સ્વરૂપનું હૃદયમાં અખંડ રમણ થયા પછી–એ ગુજરાતની ગુણિયલ ગોપીએ ગુજરાતના ભજનીય ભકતવર્ય શ્રીવૃંદાવનવિહારી પાસે, કદંબ છાંયેથી મુરલી છેડતા મદનમોહનજી પાસે બીજું શું માગે? એ તો આજ માગે–એ તો આજ ઇચ્છે.

"વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિં આવું,
ત્ય્હાં શ્રી નંદકુંવર કયાંથી લાવું." પદ

×

"શ્રી વૃંદાવનની રે કુંજમાં જ્ય્હાં જુગલકિશોર કરે વિલાસ,
દાસ દયાનીરે વિનતિ મુને દાસી કરી રાખો નિજ પાસ."
દર્શન દ્યોનીરે દાસને. ધોળ.

એ ગુજરાતના કેડીલા બંસીધરે "જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે" એ અમરપદ ગાયું. એ પદમાં એ પ્રેમે પચેલી ગરવી ગોપીએ પરમ પુનિત શુદ્ધ પ્રેમરસ ગાયો, નર્યા પ્રેમરસની મીમાંસા ગાઇ. એ નર્મદાતીરની ગરવી ગોપીની પ્રેમમીમાંસા ન્હોતી હાડચામની, ન્હોતી ભૌતિક એકતાન; પણ હતી નિર્મલ, અદ્વિતીય, અલૌકિક. દયારામભાઇની પ્રેમમીમાંસા એટલે શ્રીયમુનાતટને આરેથી ગુંજતી મુરલી છેડતા ત્રિભંગલલિત છેલછબીલા શ્યામસુંદરના સોહામણા સ્વરૂપ માટેના પરમપુનિત પ્રેમરસની મીમાંસા. એ ગુજરાતની રસકુંજના રસરસીઆની પ્રેમમીમાંસા અમર છે, અજોડ છે, અનોખી છે, અનુપમ છે, અગાધ છે, વિશાળ છે, ગહન છે, અટપટી છે. પ્રેમરસનો ભોગી કોણ? "જે કોઇ પ્રેમ અંશ અવતરે" ગમે તે. પછી તે પુરૂષ હોય, સ્ત્રી હોય, બાળક હોય, ગમે તે જાતનાં હોય, પશુ હોય, પક્ષી હોય–ગમે તે હોય–ફકત તે આત્માની અંદર 'શુદ્ધ પ્રેમરસનો' જરાપણ અંશ હોવો જોઇએ.

એટલું તો ચોક્કસ છે કે જે આત્માની અંદર પ્રેમનો અંશ હોય છે તે આત્માને પરમ–પુનિત પ્રેમરસના ભોગી બનવાનું વધારે પસંદ હોય છે. વખત જતાં તેને પરમપુનિત પ્રેમરસની લગની લાગે છે. એ પ્રેમરસનું લટણુ લાગ્યા પછી એ પરમપુનિત પ્રેમરસનો પિપાસુ આત્મા ભાવભર્યાભાવથી, એ હાથ જોડીને હોંશભેર આજ માગે છે.

"પાઓ પ્રેમરસ પ્રાણજીવનરે, દીન થઇ જાચુંરે."

પરમપુનિત પ્રેમરસનો ભોગી આ વગર બીજું શું માગે? એ વગર એના પ્રેમભર્યા હૈયે બીજું કેવી રીતે ઊતરે? એ વિના એના હોઠે બીજું કેવી રીતે આવે! એ પરમપુનિત પ્રેમરસના પિપાસુ આત્માને બીજા રસની કયાંથી પડી હોય! જ્યારે એને બીજા રસની ન પડી હોય ત્યારે રસાભાસની–પ્રેમાભાસની તો કયાંથીજ પડી હોય! એને એવા આભાસની પરવા નજ હોય! એ એવા આભાસને છાંયે પણ નજ જાય! એ ભલો ને એનો પરમપુનિત પ્રેમરસ ભલો! એ ભલો ને એ પરમપુનિત પ્રેમરસ પાનાર એના પ્રાણજીવન પૂર્ણ પુરૂષોત્તમ–રસરાસેશ્વર–રાસવિહારી ભલા!

"અનુભવ મંજરી" ગ્રંથ પરથી આપણે ચોક્કસ કહી શકીશું કે એઓશ્રીને શ્રીપ્રભુનો સાક્ષાત્કાર થએલોજ છે. પરમ પૂજ્ય શ્રીગોસ્વામિ બાળકો એઓશ્રી તરફ કેવી દ્રષ્ટિથી નિહાળતા હતા તે પણ માલમ પડે છે. એઓશ્રી નંદદાસજીનો અવતાર છે એ પણ ચોક્કસ થાય છે. અનુભવ-મંજરી એઓશ્રીના શ્રીહસ્તથી લખાએલો છે. એમાં લખાએલા અનુભવો અસાધારણ છે. આ ઠેકાણે કેટલાક ઉતારા આપું તો અસ્થાને નહિંજ ગણાય!

એકદા શ્રીમદનમોહનજી, કહી વૈષ્ણવકોંયોં;
યાકો સબ મેરો હે, ઓર બિચારત હોં કયોં. (૧)
એ તો મેરી દયા સખી હે, મુહિ અતિ પ્યારી;
યાકી તુમ ફિરિ આજ કરો નીકે મનુહારી. (૨)

× × ×

એક સમય ઇક બૈષ્ણોસોં, યોં બૂજી શ્રીજી;
દયલો કહા કરતહેં, કહિરતિ અંતર રીઝી. (૩૨)
તબ તિન કહિ પ્રભુ દયાશંકર તિનકોં તુ નામ હે;
દયાશંકર તો નહિં, શ્રીજી કહિ દયારામ હે. (૩૩)

× × ×

ઇકદા ઇક બૈષ્ણવ દાનિ નટમરજી દરસન;
શ્રી છોટાજી પુરૂષોત્તમજી ઝુલવત પરસન.
ઇતનેમેં મેં ગયો દેખિ દુકે ગોસાંઇ આયે;
ભુજ ગ્રેહકેં લે ગયે નિકટ પ્રભુ દરસ કરાયે.
દઇ આજ્ઞા મોહિ ઝુલાઓ પ્રભુકોં ડાંડિ ગહાઇ;
તુમ અપરસ હોં કૃપા હમારે મનમેં આઇ. (૫૪)

× × ×

ઇકદા મેરી ગોદી પોઢે બોલે શ્રીજી;
તું હેં મોતેં પ્રકટ સખા મેરો કહુ રીઝી.
નંદદાસ હેં નામ તિહારો શ્રી મુખતેં બોલે;
એહિ નામ દ્વૈચ્યાર ભગવદિય સોહેં બોલે. (૬૫)

× × ×

શ્રી ગોકુલપતિ બદે તુમરિ સબ પ્રસાદિ બાંની;
પૂર્વ બાંનિતેં પ્રથક લગત નહિ હમતો જાની. (૩૨)

× × ×

એકદા શ્રી બાલકૃષ્ણજી મોહેં દરસ દીનો;
ધર્યો ગોદિમેં શીશ ત્હારો હું મેં કહિ દીનો. (૪૮)

× × ×

આપ ઉચ્ચરે યોં મુહિ પ્રિય તો હેં જગ સારો;
પેં મોકોં તુમતેં તો કોઇ અધિક નહિં પ્યારો. (૪૯)

× × ×

"શ્રીમ્હાપ્રભુકોં" દૃઢ આશ્રય મુહિ દીજે શ્રીજી.
"મ્હાપ્રભુકો" અરુ 'મેરો' દુહુ દીને જા રીઝી. (૭૦૧)

× × ×

તેરો કીનો સબ સુહાય હમકૂં તુજ કૃતિ રંગા;
અબ કયહું જાનો હે નાહિ, નહિ બિછરનો સદા સંગા. (૮૦૭)

× × ×

એક સમય દરસન દીને શ્રી નવનીત પ્રિયજી;
મોકું દેખિ હિય હરખિ બચન પ્રિય બોલે રીજી,
મેરિ પાસ તુમ બેઠો તબ મોહિ ભોજન ભાવે;
નાંતર રુદન કરૂંગો તુમ બિન નાંહિ સુહાવે. (૬૯)

× × ×

ઇકદા શ્રીરનછોડજી માહારાજા ગોસ્વામિ;
મો કર ગ્રહી એકાંત પધારે અંતરયામિ.
શ્રીમુખ બોલે હમકોં સુનનો રાગ સુહાવે;
પ્રથમહિતેં અભ્યાસ એહિ હે ઓર ન ભાવે.
માસ બાર તુમરે હમકોં સુનબેકો ચિત્ત હે;
કંઠ હોય તો ગાય દિખાવો હમકો હિત હે.
મેં કહિ મેરે કંઠ નહિ પરિપૂરન ખાસા;
વે દાસ રનછોડદાસ હેં વિનકે પાસા.
વે હમ દો મિલકેં ગાવેંગે યોંહુ બોલ્યો;
આપ કહી યહ ઠીક બાત બચ ઓર ન બોલ્યો. (૭૫)

+ + +

શ્રીવ્રજભુષનલાલ પ્રકટ મોહી આજ્ઞા દીની;
ચોરાસીકોં ધવલ બસતૂ હે અતિ રસભીની. (૨૫)
સો ન છોડનોં કદા હમહુ નિતિપાઠ કરત હેં,
યહ કછુ ઓર પદારથ હેં તાતેં ઉચ્ચરત હેં. (૨૬)

આ પરથી શ્રીદયારામભાઇનું સ્વરૂપ સમજી શકાશે. પ્રભુ સાથેનો નિકટ સંબંધ હેજ એ ચોક્કસ થાય છે.

દયારામભાઇ એટલે નર્મદાતીરની રસવાંસલડીના છેડણહાર, એ મંજુલ મુરલીના ગુંજતા ગુંજનથી રસજ્ઞોને—રસરસીઆ નરનારીઓને આકર્ષી ગાંડાઘેલાં કરી મૂકી રસમગ્ન બનાવનાર, અતૂટ ખંતથી હોંશભેર હિંદનો પ્રવાસ ખેડનાર, એ પ્રવાસથી થતા જ્ઞાનને કવનમાં આબેહૂબ ઊતારનાર, અવળે રસ્તે જતી જનતાને સાવ સાચી શિખામણ આપનાર, ઊંધે રસ્તે દોરવાતી જનતાને સરળ રસ્તો બતાવનાર, સરળ—સુંદર—સરસ મનોહર—ગહન ને ભાવભરી વાણીમાં કાવ્યનું રસભર્યું સર્જન કરનાર, પ્રાણસમા ટેકનું સાંગોપાંગ પાલન કરનાર. રસિક જનસમાજના હૈયાના હાર, ગોપી—ભાવે ભાવભર્યું ભીના—જીવન જીવનાર, ગોપી—હૃદયનું જનતાને સચોટ ઓળખાણ કરાવનાર, એ ભાવભરી ઓળખાણમાં જનતાને મશગૂલ બનાવનાર, તંબુરાના તારના—ઝણ ઝણાટથી કોકિલશા ટહુકતા મંજુલસ્વરથી જનસમાજને થનગન થનગન નચાવનાર, પરમપુનિત—પ્રેમપયોધિ—

પાંતળીઓમાં મનમાછલાડને તરતું મૂકનાર, રસબસતા રસસ્વરૂપનું સુંદર પિછાન કરાવનાર, એ રસભરી પિછાનમાં રસજ્ઞોને મગ્ન બનાવનાર, મગ્ન બનાવી એ પ્રેમભરી પિછાનનું અતૂટ લટણ લગાડનાર, ભાવાત્મક રસસ્વરૂપના અગાધ પ્રેમમાં પચેલા રહેનાર, એ સોહામણુ રસ સ્વરૂપના પરમ પુનિત પ્રેમથી થતા અથાગ વિરહમાં રાતદિવસ ઝૂરનાર, ઝૂરી અખંડ આનંદ આપતા રસઝર્યા રસસ્વરૂપમાં રસમસ્ત બની રસમંદિરને રસહિંચોળે હિંચનાર, ભાવભર્યા ભાવથી ભક્તિરસમાં ભીંજી આનંદરસની અવિરત ઝડીઓ વરસાવી પરમ પુનિત પ્રેમરસના નર્યા ઘુંટડા પાનાર, મીઠી મધુરી–મનોહર વ્હાલભરી સ્નેહભરી વાણીથી એ ગોકુલના કામણગારા કનૈયાને, ગોપીઓને ઘેર ઘેર દહીં માખણની અચૂક ચોરી કરતા–કાનુડાને મીઠાં મીઠાં મ્હેણાં મારનાર, એ મોંઘેરાં મ્હેણાંના દર્દભર્યા દર્દમાં ડૂબી રહેનાર. ડૂબી રહી એ કદંબ છાંયેથી ગુંજતી મુરલી છેડતા ત્રિભંગ લલિત રસસ્વરૂપના સોહામણા દર્શનની તીવ્ર ઇચ્છા–રાખનાર, રસરસિયેણુ ગુજરાતણોના હૈયાના હાર, ભાવ ભભક ને વિહ્વળતાથી ગૂંથાએલી ગરવી ગરબીઓનું ગુર્જર–રમણીઓને દાન કરનાર, દાન કરી એમણાં મનને હરી લેનાર, એમણાં હૃદયને સોંસરાં વીંધી નાખી જીતી લેનાર, રસરસીઆં નરનારીઓને થનગન થનગન નચાવનાર, ગુર્જર–સાહિત્યાકાશમાં ગુર્જર–ગરબીઓના–તારલાઓમાં શરદ–પૂર્ણિમાના રસચંદ્ર તરિકે ઓપનાર, ગુજરાતના રસિક રસમેઘ, ગુજરાતની ગરવી ગોપી, ગુજરાતની ગુણિયલ ગુજરાતણ, ગુજરાતના કોડીલા બંસીધર, ગુજરાતની સાહિત્ય-વાટિકાના રસીલા રસમાળી, ગુજરાતની રસભરી રસકુંજના રસિક રસરસીઆ

૧૦૧ હવે મ્હારા વ્હાલભર્યા અનંતકોટિ પ્રણામ એ ભજનીય ભક્તાર્યને, એ રસસિદ્ધ કવિવર્યને, એ અજોડ સંગીતકારને. એ ગુજરાતની રસકુંજે કુંજે વિહાર કરતા, ગુજરાતીઓના સોહામણા આંગણલે સોહતા, રસરસિયેણુ ગુજરાતણોના મધુર કંઠે દળતા ગુજરાતના કોડીલા બંસીધરને, શુદ્ધાદ્વૈત સંપ્રદાયના લાડીલા કોહીનૂરને. દયાર્દ્ર દયારામભાઈને.

॥ श्री वल्लभ ॥

પરમ ભગવદીય કવિવર શ્રીદયારામભાઈના ગ્રંથોની યાદ

ભાષાના ગ્રંથ

(૧) દયા સતસૈયા
(૨) રસિક રંજન
(૩) વસ્તુવૃંદનામ દીપિકા
(૪) વ્રજ વિલાસામૃત
(૫) પુષ્ટ ભક્તરૂપ માલિકા
(૬) હરિદાસ મણિમાલા
(૭) કલેશ કોઠાર
(૮) વિજ્ઞપ્તિ વિલાસ
(૯) સિદ્ધાંતસાર
(૧૦) પુષ્ટિ પથ રહસ્ય
(૧૧) સ્વાંતઃકરણ સમાધાન
(૧૨) પ્રમેય પચાવ
(૧૩) પ્રસ્તાવ પિયુષ
(૧૪) સ્વલ્પાપાર પ્રભાવ
(૧૫) શ્રીકૃષ્ણનામ મહાત્મ્ય માર્તંડ
(૧૬) શ્રીકૃષ્ણનામ ચંદ્રિકા
(૧૭) વિશ્વાસામૃત
(૧૮) વૃંદાવન વિલાસ
(૧૯) કૌતક રત્નાવલી
(૨૦) શ્રીમદ્ ભાગવત અનુક્રમણિકા

…ક્રમ
…ગળસાર
…) શ્રીકૃષ્ણસ્તવનામૃત
૨૬) સ્તવન પિયુષ
૨૭) ચાતુર ચિત્ત વિલાસ
(૨૮) હરિસ્વપ્ન સત્યતા
(૨૯) અનુભવ મંજરી
(૩૦) ગુરૂ પૂર્વાર્ધ બહુ શિષ્ય ઊત્તરાર્ધ
(૩૧) ભાગવત્ ભક્તોત્કર્ષતા
(૩૩) ઈશ્વરતા પ્રતિપાદક
(૩૪) ભગવદીચ્છોત્કર્ષતા
(૩૫) મૂર્ખ લક્ષણ સપ્તદશી
(૩૬) શ્રીકૃષ્ણનામ મહાત્મ્ય સંશય છેદક
(૩૭) શુદ્ધાદ્વૈત પ્રતિપાદન*
(૩૮) તાલમાલા
(૩૯) શ્રીકૃષ્ણનામ ચિંતા મણિમાલ
(૪૦) શ્રીકૃષ્ણ નામનું સ્તોત્ર
(૪૧) શ્રીકૃષ્ણ નામ ધ્વનિ
(૪૨) શ્રીકૃષ્ણ નામાવલિ
(૪૩) શ્રીકૃષ્ણ નામ રત્નમાલિકા
(૪૪) શ્રીયમુનાજીની સ્તુતિ
(૪૫) રાધા અષ્ટોત્તર શતનામ
(૪૬) પુરૂષોત્તમ પુષ્ટનામ
(૪૭) શ્રીવલ્લભ અષ્ટોત્તર શતના…
(૪૮) ચોર્યાસી વૈષ્ણવના નામ (કવિત બંધ)
(૪૯) ચોર્યાસી વૈષ્ણવના નામ (પ્રબંધ બંધ)
(૫૦) શ્રીવિઠ્ઠલ અષ્ટોત્તર શતનામ
(૫૧) શ્રીયમુનાજીની લાવણી
(૫૨) મન ભજરે વારંવારમ્ (પ્રબંધ)
(૫૩) પ્રભુ સ્તુતિ
(૫૪) હરિભક્તાષ્ટક
(૫૫) સાખી દુહા
(૫૬) રાગમાલા

ગુજરાતી ગ્રંથ

(૧) રસિક વલ્લભ
(૨) વૃત્રાસુરનું આખ્યાન
(૩) અજામેલનું આખ્યાન
(૪) શ્રીમદ્ભગવદ્ગીતા મહાત્મ્ય
(૫) પ્રેમ રસ ગીતા
(૬) પ્રબોધબાવની
(૭) કાળજ્ઞાન સારાંશ
(૮) પ્રશ્નોત્તર માલિકા (ગદ્ય)
(૯) શિક્ષા પરીક્ષા પ્રદીપ
(૧૦) ભક્તિ પોષણ
(૧૧) ભક્તિ દ્રઢાવ
(૧૨) સ્તવન માધુરી
(૧૩) સતભામા વેહેવા
(૧૪) રુક્ષ્મણિ હરણ
(૧૫) દશમલીલા
(૧૬) પંચાધ્યાયી
(૧૭) ષડ્ઋતુ વર્ણન
(૧૮) બાર માસ
(૧૯) ભક્તવેલ
(૨૦) ચોરાસીનું ધવલ
(૨૧) બ્રાહ્મણ ભક્ત સંવાદ
(૨૨) બાનાધારી અંતરનિષ્ટ સંવાદ
(૨૩) મનમતિ સંવાદ
(૨૪) મંગળાનંદ માલા
(૨૫) વિનય બત્રીસી
(૨૬) ચિંતન ચંદ્રિકા
(૨૭) ગહદ્ સબંધ માત્રાનંદ
(૨૮) નિ:સાધનાનંદ

(૨૯) શ્રીકૃષ્ણ સ્તવન મંજરી
(૩૦) શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી
(૩૧) શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય માધુરી
(૩૨) શ્રીકૃષ્ણ નામ ચંદ્રિકા
(૩૩) હરિનામ ચંદ્રિકા
(૩૪) હરિભક્ત રત્નમાળા
(૩૫) હરિનામાવલી
(૩૬) શ્રીમંત
(૩૭) શ્રીગુરૂ પ્રતાપ ચંદ્રિકા
(૩૮) શ્રીકૃષ્ણ જનોઇ
(૩૯) શ્રીરાધિકા વેહેવા
(૪૦) શ્રીહરિની ચરિત્ર
(૪૧) દાણરસ ચાતુરી
(૪૨) વ્યવહાર ચાતુરી
(૪૩) પ્રાકટ્ય લીલા
(૪૪) માનલીલા
(૪૫) પ્રેમ પ્રશંસા
(૪૬) અપરાધ ક્ષમા સ્તોત્ર
(૪૭) પ્રીત પરીક્ષા
(૪૮) અષ્ટ પટરાણીનો વહેવા
(૪૯) ભ્રાંતિ ભંજન
(૫૦) અન્યાશ્રય મર્દન
(૫૧) મોહમર્દન
(૫૨) ઇશ્વરતા લક્ષણ
(૫૩) પુષ્ટિ પથ સાર મણિદામ
(૫૪) ચિંતા ચુર્ણિકા
(૫૫) લઘુ સ્વાંતઃકરણ સમાધાન
(૫૬) હાર
(૫૭) નામામૃત ..
(૫૮) હરિનામ ચિંતામણિ
(૫૯) સ્વરૂપ તારતમ્ય ગ્રંથ (
(૬૦) શુદ્ધાદ્વૈત પ્રતિપાદન ને માયામ
ખંડનનો ગરબો
(૬૧) શ્રીરાધિકાનું સમણું
(૬૨) બાલ લીલાનો ગરબો
(૬૩) રાસ લીલાનો ગરબો
(૬૪) સાર સ્મૃતિનું ધોળ
(૬૫) ચોવીસ અવતારનું ધોળ
(૬૬) શ્રીકૃષ્ણ ધ્યાનનું ધોળ
(૬૭) બાર માસ (વિવિધ પ્રકારના)
(૬૮) પ્રભુની થાળ
(૬૯) શ્રીકૃષ્ણ વિયોગ વિરહના બાર
માસ (ષઠઋતુની તરેહના)
(૭૦) નાયિકાઓનું વર્ણન
(૭૧) કુંવરબાઇનું મોસાળું
(૭૨) ચોવીસ અવતારનું સ્તોત્ર
(૭૩) શ્રીયમુનાજીનો પ્રબંધ
(૭૪) ભગવદ્ નામનો અને ભગવદીયના
નામનો પ્રબંધ
(૭૫) વ્હાલમજીના મહિના
(૭૬) ભગવદાશ્રયની લાવણી
(૭૭) પંદર તિથિ
(૭૮) ચેતવણી
(૭૯) પ્રશ્નોત્તરમાળા

તા. ક:— આ વગર અસંખ્ય પદો, કીર્તનો, ગરબીઓ, હોરીઓ, કેરબા, રેખતા, ગજલો, લાવણીઓ, કુસરીઓ, વગેરે.

ભગવદીયોનો દાસાનુદાસ,

પરમ ભગવદીય કવિવર શ્રી દયારામભાઇના પટ્ટશિષ્ય પ્રપૌત્ર

જોશી જીવણલાલ છગનલાલ એડવોકેટ, ડભોઇ

: પ્રકાશક :

ચીમનલાલ હરિશંકર શાસ્ત્રી,

મોટામંદીર - સૂરત.

: મુદ્રક :

મણિભાઇ ડાહ્યાભાઇ દેસાઈ,

શ્રી 'અનાવિલ બંધુ' પ્રિન્ટીંગ પ્રેસ.

બરાનપુરી ભાગળ, ભાજીવાલી પોળ-સૂરત.